
મુંબઇ શહેરની ભૂગોળ

[મુંબઈ ઇલાકા સહિત]

સચિત્ર

આવૃત્તિ ૮ મી



રચનાર :—

ડુ. ના. શાસ્ત્રી

કિંમત રૂ. ૦-૫-૦

સોલ એજન્ટ:—એન. ડી. મહેતાની કંપની.

કાલબાદેવી, મુંબઇ—૨.

આભાર–સ્વીકાર

બોલવું સહેલું છે, પણ કામ કરવું મુશ્કેલ છે. ભૂલ કાઢવી સહેલી છે, પણ સુધારવી મુશ્કેલ છે. પોતાની ભૂલ પોતાને ન

મ

૦

મહે० સાહેબ, મુળજીભાઇ હીરાલાલ ચોકસી એમ० એમનો તથા પરવાનગી અપાવનાર હમારા બાળમિત્ર નાથાલ પી. વ્યાસનો અત્રે સપ્રેમ આભાર માનું છું.

મુંબઈ તા. ૧૨–૪–૩૬ હ. ના. શાસ્ત્રી.

দাম ০.৫০

[illegible]

[illegible]

મુંબઈની નામદાર સ્કૂ. કમિટિએ ટેક્સ્ટ બૂક તરીકે મંજુર કરી છે.

મુંબઈ શહેરની ભૂગોળ

☞ સચિત્ર ☜

ટાઉન એક્ષચેંજ બિલ્ડીંગ ભૂલેશ્વ



ટાટા ડાયમંડ આર્ટ ટાટા સ્ટુડીઓ કાલબાદેવ.

રચનાર:—હરિશંકર નારૂશંકર શાસ્ત્રી.

હેડમાસ્તર; મઝગામ, મુંબઈ. નં. ૧૦.

સં. ૧૯૯૬]　　રૂ. ૦-૫-૦　　[સને ૧૯૪૦

પ્રકાશક:-બાલકૃષ્ણ નારૂશંકર શા
"બાઈ ગોકલીબાઈ હાઈસ્કૂલ" માં શિક્ષક,
વીલાપારલા, મુંબઈ.

પ્રત ૨૦૦૦



કુતુબમિનાર અને જંતરમંતર-દિલ્હી.

આવૃત્તિ ૮ મી   તા. ૧-૧૦-૪૦

આવૃત્તિ ૭ મી પ્રમાણેજ આ આવૃત્તિ બહાર પાડવામાં આવી છે.

મુદ્રક:-વિઠ્ઠલદાસ કીકાભાઈ
"સુંદર" પ્રીન્ટીંગ પ્રેસ,
લીમડાચોક, સુરત.

પ્રસ્તાવના

આવૃત્તિ ૭ મી

ઈ. સ. ૧૯૩૫ના **નવા** **એક્ટ** **મુજબ** **સિંધ** વિભાગ કમી કરી (પાઠ ૩૪) તે પ્રમાણે સુધારી તેને બદલે **જુના** **મુંબઈ**નો પાઠ ૧૨ વધાર્યો છે. નકશા તથા ચિત્રોમાં વધારો કર્યો છે. **મુંબઈના સુપ્રીન્ટેન્ડન્ટ** સાહેબે દરેક શાળામાં ચલાવવા જે ભલામણ કરી છે તેમનો અત્રે પુનઃ આભાર માનું છું. કાગળના ભાવો વધવા છતાં કિંમત વધારી નથી.

મુંબઈ.
અખાત્રીજ ૧૯૯૪ } **હ. ના. શાસ્ત્રી.**

આવૃત્તિ છઠ્ઠી

"મનુષ્ય યત્ન. ઈશ્વર કૃપા" થી સર્વ કાર્ય થઈ શકે છે. આ પુસ્તકનું પણ તેમજ બન્યું છે. **મુંબઈની** નામદાર **સ્કૂલ્સ** કમિટિએ મુંબઈ ઇલાકાનું કેળવણી ખાતું પાસ કરેથી આ પુસ્તક ચાલુ કરવાનો હુકમ આપતાં ઉત્તરવિભાગના મહેરબાન એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ **ભૂપતરાય જમીયતરામ શાસ્ત્રી** સાહેબને બતાવતાં તેમને ખુબ ગમ્યું અને અમદાવાદની બૂક રિવિઝન કમિટિમાં તુર્ત મોકલી આપવા જણાવ્યું. તે પ્રમાણે આ પુસ્તક **મુંબઈ ઇલાકા માટે ટેક્સ્ટ બૂક તરીકે મંજુર થઈ આવતાં** અને પાંચમી આવૃત્તિ જલદી ખપી જતાં આ આવૃત્તિ બહાર પાડવામાં આવી.

આ આવૃત્તિમાં મુંબઈના આ૦ ડે૦ એ૦ ઇન્સ્પેક્ટર સાહેબ મહેરબાન **આત્મારામ નાનાભાઈ** ખાનસાહેબની સૂચનાનો સાભાર સ્વીકાર કરી ઘટતો સુધારો કર્યો છે; તથા દરેક પાઠ પ્રશ્નો મૂકવામાં આવ્યા છે. **મુંબઈ** તથા **મુંબઈ** ઇલાકો યાદી રૂપે ઉમેરવામાં આવ્યો છે. નવીન ચિત્રો પણ ઉમેરવામાં આવ્યાં છે. આશા છે જે સૌ કોઈ આ પુસ્તકને અપનાવશે તો મારી લીધેલી મહેનત સફળ થએલી માનીશ.

ધમડાછા, રામનવમી ૯૨. **કર્તા.**

અનુક્રમણિકા

પાઠ	વિષય	પૃષ્ઠ
	ધોરણ બીજું	
૧	ભૂગોળ અને તેની વ્યાખ્યા	૭
૨	ઝુંપડું, ઘર વગેરે...	૮
૩	ગામડું, કસ્બો, વગેરે...	૯
૪	દિશા અને ખૂણાઓ...	૧૦
૫	નિશાળનો નકશો વગેરે	૧૨
૬	તાલુકો, જિલ્લો... ,,	૧૩
૭	મેદાન, ટેકરી ,,	૧૪
૮	તળાવ, બેટ ,,	૧૫
૯	નદી, સંગમ ,,	૧૮
૧૦	ટનલ, જ્વાળામુખી ,,	૧૯
૧૧	બીજી વ્યાખ્યાઓ ,,	૨૧
૧૨	જુનું મુંબઈ	૨૨
૧૩	મુંબઈની ઓળખ અને વૉર્ડ	
	ધોરણ ત્રીજું	
૧૪	મુંબઈનું સામાન્ય વર્ણન	૨૭
૧૫	,, ,, ,,	૨૮
૧૬	,, ,, ,,	૩૪
૧૭	,, ,, ,,	૩૮
૧૮	,, ,, ,,	૪૧
૧૯	,, ,, ,,	૪૫
૨૦	,, ,, ,,	૪૮
૨૧	એ વૉર્ડ કોટ...	૪૯
૨૨	બી. અને સી. વૉર્ડ	૫૪
૨૩	ડી. અને ઇ. ,,	૫૭
૨૪	એફ. અને જી. ,,	૫૯
૨૫	મુંબઈ યાદીરૂપ	૬૨
૨૬	મુંબઈ પરાંવિભાગ	૬૪
૨૭	મુંબઈ ઇલાકો	૬૭
૨૮	મુંબઇ ઇલાકાનું સામાન્ય વર્ણન ...	૬૮
૨૯	,, ,, ,,	૭૨
૩૦	મુંબઈ પરાંવિભાગ	૭૭
૩૧	ગૂજરાત–ઉત્તર વિભાગ	૭૭
૩૨	ગૂજરાત દેશી રાજ્યો	૮૨
૩૩	પશ્ચિમ હિન્દસ્ટેટ્સ એજન્સી	૮૫
૩૪	વડોદરા સંસ્થાન	૮૯
૩૫	મધ્ય વિભાગ	૯૧
૩૬	દક્ષિણ વિભાગ	૯૫
૩૭	દક્ષિણ મરાઠા સ્ટેટ્સ એજન્સી	૯૯
૩૮	મુંબઈ ઇલાકો યાદીરૂપ	૧૦૧
૩૯	આપણો દેશ હિન્દુસ્તાન	૧૦૪

ચિત્રો નકશાની યાદી.

પૃષ્ઠ	નામ
૧	કોટન એક્ષચેંજ બિલ્ડીંગ
૨	કુતુબ મિનાર અને જંતર મંતર
૮	ઘર
૯	મુંબઈના દેખાવોનું ચિત્ર
૧૨	હોકાયંત્ર
૧૫	એલીફન્ટા (ધારાપુરી)
૧૯	દીવાદાંડી
૨૦	પારસિક ટનલ થાણા અને ગેરસપાના ધોધનું ચિત્ર
૨૯	વરસાદ માપક યંત્ર અને થર્મોમિટર
૩૧	ખટારો
૩૨	એંજીન, વિમાન, મોટર, આગબોટ, ટેલીફોન
૩૪	ગોળદેવળ (નળબજાર)
૩૬	મીલનું ચિત્ર
૪૩	ટેલીફોન
૪૬	બોમ્બે સેન્ટ્રલ સ્ટેશન
૪૯	કાળાઘોડાનું પુતળું કોટ
૫૨	રાજાબાઈ ટાવર કોટ
૫૫	રાણીબાગ–ભાયખલા
૫૬	મુંબઈના દેખાવોનું ચિત્ર
૫૭	મહાલક્ષ્મી માતાનું મંદિર
૭૧	મીઠાંનો અગર
૭૩	ખેડુત તથા સિંહનું ચિત્ર
૭૪	પ્રાણી
૮૦	વજાબાઈનું મંદિર
૮૧	શાળનું ચિત્ર
૮૭	ગિરનાર ઉપરનો દેખાવ
૮૮	ઊંટની ગાડી
૯૦	વડોદરાના દેખાવો
૯૭	બિજાપુરનો ગોળઘુંબઝ
૯૮	માછીઓનું ચિત્ર
૧૦૪	તાજમહાલનું ચિત્ર
	નકશાના ચિત્રો
૧	મુંબઈ શહેરનો નકશો
૧૧	દિશાનો નકશો
૧૬	વ્યાખ્યાનો નકશો ?
૨૨	જુના મુંબઈનો નકશો
૨૬	મુંબઈ શહેરનું ખોખું
૩૦	મુંબઈ વોર્ડ વગેરે
૩૩	મુંબઈ મોજમઝાના સ્થળો
૩૫	મુંબઈ પાક, ઉદ્યોગ વગેરે
૪૪	મુંબઈ રેલ્વે, ગોદી વગેરે
૫૦	મુંબઈ ટ્રામ, રોડ વગેરે
૬૪	મુંબઈ પરાંનો નકશો
	મુંબઈ ઈલાકો
૬૯	કુદરતી રચનાનો નકશો
૭૬	વસ્તીનો નકશો
૭૮	ઉત્તર વિભાગ અને ગૂજરાત
૯૨	મધ્ય વિભાગનો નકશો
૯૬	દક્ષિણ વિભાગનો નકશો

મુંબઈ શહેરની ભૂગોળ

શરૂઆત, ભૂગોળ કેમ શીખવવી ?

આપણે મુંબઇ ઇલાકામાં રહીએ છીએ, એટલે મુંબઇથી જ ભૂગોળની શરૂઆત કરીએ. પ્રથમ જે શીખવવું હોય તેની મુસાફરી રૂપે બાળકોને લઇ જઈ બરાબર માહિતી આપવી, પછી નકશો બતાવવો ને કહેવું કે આ નકશો જે આપણે જોઈએ છીએ તેવું મુંબઇ જુના વખતમાં ન હતું (જુઓ પાઠ ૧૨) સાત નાના ટાપુ હતા. વખત જતાં બધા ટાપુઓ પુરાતા ગયા અને આજે મુંબઇ જુઓ છો તેવું બન્યું. એ સાત ટાપુઓના સાત વિભાગ કર્યા તેમાં ભૂલેશ્વર વિભાગમાં બહુ જ વસ્તી છે. ત્યારે જમીનના પ્રમાણમાં જી અને એફ વોર્ડમાં વસ્તી બહુ ઓછી છે. જમીનના પ્રમાણમાં જી અને એફ વોર્ડ આખા મુંબઇથી લગભગ અર્ધો થવા જાય છે. વળી નકશો જોતાં તમે ઘણા મુંઝાઓ છો કારણ તેમાં સાત વોર્ડ બતાવ્યા નથી પણ પેટા ભાગો બતાવ્યા છે. આ માટે સાતે ભાગોનો માટીનો મોડેલ બનાવી કે પાટીઆ પર તેનો નકશો દોરીને શીખવવું ઠીક થઇ પડશે. પછી બાળકો ક્યાં રહે છે ? શાળાનું મકાન ક્યાં છે ? તે નકશામાં બતાવી આગળ વધવું. તમારા ઘરની આસપાસ શું આવેલું છે ? તમારી શાળાની આસપાસ શું આવેલું છે ? મુંબઇની આસપાસ શું આવેલું છે ? તમે ગામડેથી આવ્યા (જ્યાંથી આવ્યા ત્યાંથી) તેમાં ને મુંબઇમાં શો તફાવત જણાય છે ? એમ પ્રશ્નોથી વાકેફગાર કરી આગળ વધવું.

ભૂગોળના પાઠો વાંચી, મોઢે કરવા એ ઠીક નથી; પણ એના શિક્ષણ માટે નીચેના મુદ્દા ખાસ ધ્યાનમાં લેવાવા જોઇએ.

(૧) પ્રત્યક્ષ એટલે તે સ્થળ નજરે બતાવીને.

(૨) તેમનો માટીનો મોડલ—નમુનો બનાવીને.

(૩) ચિત્રો કે નકશાનો ઉપયોગ કરીને.

(૪) મોઢેથી સચોટ જ્ઞાન આપીને.

મુંબઈમાં, વ્યાખ્યાઓનું જ્ઞાન પ્રત્યક્ષ બતાવી આપી શકાય એમ છે. રાણીના બાગમાં મુંબઈના મોડેલ-ચિત્રો જોવડાવીને પણ શિક્ષણ આપી શકાય એમ છે. એથી બાળકો આનંદ સાથે જ્ઞાન મેળવતાં કંટાળશે નહિ. વળી, તેમને સ્મરણમાં પણ રહી જશે.

પાઠ ૧

ભૂગોળ અને તેની વ્યાખ્યા

પૃથ્વી ઉપર નજર કરીએ તો જમીન અને પાણી જ્યાં ત્યાં જણાશે. એ જમીન કાંઇ એક સરખી નથી, તેની ઉપર નાના મોટા ડુંગરો, નદીઓ, સરોવરો, શહેરો વગેરે જણાશે, કોઇ ઠેકાણે જંગલો, સુંદર ઝાડો, પશુ, પક્ષીઓ અને માણસો જણાશે. લીલાંછમ ખેતરોથી ધરતીમાતાએ સુંદર વસ્ત્રો પહેર્યાં હોય એવું લાગે છે. ત્યારે **ભૂગોળ એટલે શું ?** ભૂ એટલે પૃથ્વી **અને ગોળ=ગોળો. પૃથ્વીના ગોળા સંબંધી જેમાં લખ્યું હોય તે ભૂગોળ, અને પૃથ્વીના ગોળા સંબંધીની જે વિદ્યા તે ભૂગોળવિદ્યા કહેવાય.** પૃથ્વીનો આકાર સહેજ ગોળ ચપટો નારંગી જેવો છે. (જુઓ વ્યાખ્યાનો નકશો.)

---

૧. કોઇ પણ વ્યાખ્યા ઝટ કઈ રીતે શીખાય ?


૨. ભૂગોળ એટલે શું ? ભૂગોળવિદ્યા એટલે શું ?

૩. ભૂગોળ શીખવાથી શા શા લાભ થાય ?

પાઠ ૨

ઝુંપડું, ઘર, માળો, મહોલ્લો અને વિભાગ

હાથથી બનાવેલાં માટી કે છટીયાં (ઝાવરી)ના મકાનને **ઝુંપડું** કહે છે. વરલી કે ધારાવીમાં એવાં ઘણાં ઝુંપડાં આવેલાં છે. દરેક ગામમાં એવાં *ઝુંપડાં ગરીબ લોકો પોતાને હાથે બનાવી લેય છે.



છો, ઈંટ, રેતી, વગેરેથી ચણેલા પાકા મકાનને **ઘર** કહે છે. સઘળા સુખી લોકો એવાં પાકાં ઘર બંધાવે છે.

બે કે વધુ માળવાળા, ઘણી ઓરડીઓવાળાં, પાકાં પત્થરથી બાંધેલા મકાનને **માળો** કહે છે. બહુ પૈસાદાર લોકો ભાડું મળે એવા માળા બંધાવે છે. મુંબઈમાં એવા ઘણા માળા નજરે પડે છે. રાજા મહારાજાઓ જે ઘર બંધાવે તે **મહાલો** કે **મહેલ**થી ઓળખાય છે.

જેમાં ઘરોની સામસામી હારની હાર આવેલી હોય અને જેમાં વસ્તી ઘણી હોય તેને **મહોલ્લો** કહે છે. સુરતમાં શેરી, અમદાવાદમાં ખડકી, અને મુંબઈમાં **ગલ્લી** કહેવાય છે.

વ્યવસ્થા માટે કરેલા મુખ્ય ભાગને **વૉર્ડ** કહે છે. સુરતમાં પરૂં, અમદાવાદમાં પોળ, પુનામાં પેંઠ, અને મુંબઈમાં વૉર્ડ કે વિભાગ કહેવાય છે.


---

૧. ઝુંપડું અને માળો એટલે શું? ત્યારે **નેશ** કોને કહેવાય?
૨. ઘર અને મહોલ્લો એટલે? વિભાગ એટલે?


---

*છાપરાં કહે છે. વગડામાં રબારી, ભરવાડ લોકોના છાપરાં હોય છે તે **નેશ**થી ઓળખાય છે.


મુંબઈના દેખાવો



૧-ગોદી ૨-ગેટવે ઓફ ઇંડીઆ ૩-જનરલ પોષ્ટ ઓફિસ ૪-બોરીબંદર સ્ટેશન.



ન્યુ કાઉન્સિલ હૉલ



મ્યુઝિયમ

પાઠ ૩

ગામડું, કસ્બો, શહેર અને મ્યુનિસિપાલિટી.

જ્યાં છુટાં છવાયાં થોડાં ઘરો હોય અને વસ્તી પણ થોડી હોય તેને ગામડું કે ગામ કહે છે. ચેંબુર ગામડું કહેવાય. મુંબઈમાં ધારાવી, શિવડી, નાયગામ, વરલી વગેરે ભાગો ગામ જેવા જ છે.

ગામ કરતાં મોટા અને શહેર કરતાં નાના ગામને **કસ્બો** કહે છે. કુર્લા કસ્બો કહેવાય.

જ્યાં ઘણાં ઘરની સંખ્યા હોય, વસ્તી પણ વધુ હોય, મોટાં મોટાં હાટો હોય અને પાકા રસ્તા બાંધેલા હોય તેને **શહેર** કહે છે. મુંબઈ, અમદાવાદ એ શહેર કહેવાય.

શહેરમાં કારભાર ચલાવવા સરકારે [1]**સ્વરાજ્ય** જેવા કેટલાક હકો આપેલા છે. તે પ્રમાણે શહેરની પ્રજા કેટલાક મેમ્બરો ચૂંટી કાઢે છે, એ ચૂંટી કાઢેલા મેમ્બરો કમિટિ નીમે છે, અને તે કમિટિ શહેરનો કારભાર ચલાવે છે.

એવા શહેરસુધારા માટે કરેલા ખાતાને **મ્યુનિસિપાલટી** કહે છે. દશહજાર ઉપર જે શહેરમાં વસ્તી હોય છે, ત્યાં સરકાર મ્યુનિસિપાલિટી માટે પરવાનગી આપે છે. વાંદરા, કુર્લા વગેરે શહેરોમાં મ્યુનિસિપાલિટી છે.

આ પ્રમાણે તમે ગામ અને શહેરની વ્યાખ્યાઓ જાણી, પણ ગામ તથા શહેરમાં શો તફાવત છે તે, નીચેની બાબત પરથી તમને સમજાશે:—

---

૧. સ્વ+રાજ્ય=પોતાનું રાજ્ય.

ગામ	શહેર
વસ્તી થોડી હોય છે.	વસ્તી ઘણી હોય છે.
ઘરો થોડાં હોય છે.	ઘરો ઘણાં હોય છે.
બજારો હોતાં નથી.	મોટાં મોટાં હાટો હોય છે.
પાકા રસ્તા હોતા નથી.	પાકા રસ્તા બાંધેલા હોય છે.
ગંદકી હોતી નથી.	ગંદકી વધુ હોય છે.
ધંધોરોજગાર મળતો નથી.	ધંધોરોજગાર સારો ચાલે છે.
હવાપાણી સારાં હોય છે.	હવાપાણી બરાબર નહિ.
ભણવાને નિશાળો થોડી હોય છે.	ભણવાને મોટી મોટી કૉલેજો હોય છે.

૧. તમને ક્યાં રહેવું ગમે? ગામડામાં કે શહેરમાં?

૨. ગામડું, કસ્બો અને શહેરની વ્યાખ્યા સમજાવો અને તેની વચ્ચે તફાવત શો તે કહો.


૩. મ્યુનિસિપાલિટી એટલે? મ્યુનિસિપાલિટીનો કારભાર કોણ ચલાવતા હશે?

પાઠ ૪

દિશા અને ખૂણાઓ.

ગામ એટલે શું અને શહેર એટલે શું. એ આપણે આગલા પાઠમાં શીખી ગયાં; પણ એક ગામથી બીજું ગામ કઈ તરફ આવેલું છે, તે મકાનમાં બેઠાં બેઠાં જાણવા માટે દિશાઓ જાણવી જોઇએ. મુંબઇ તમારા ગામથી કઈ દિશામાં આવેલું છે એ જો કોઈ પૂછે તો તમારે કહેતાં ગુંચવાવું પડશે. તમે પુને ગયા છો? તમે નાશિક ગયા છો? ત્યારે કહો તે મુંબઈથી કઇ તરફ આવેલાં છે?

એ દિશાઓ પરથી તરત સમજાઈ આવે છે. એવી દિશાઓ ચાર છે: (૧) જે દિશામાં સૂરજ ઊગે છે, તેને પૂર્વ કે ઊગમણી દિશા કહે છે. (૨) જે તરફ સૂરજ આથમે છે, તેને પશ્ચિમ કે આથમણી દિશા કહે છે; (૩) પૂર્વ તરફ મોં કરી ઊભા રહીએ તો જમણા હાથ તરફની દક્ષિણ દિશા અને (૪) ડાબા હાથ તરફની ઉત્તર દિશા કહેવાય. એ પ્રમાણે ખૂણાઓ પણ ચાર છે: (જુઓ ચિત્ર)




(૧) અગ્નિ ખૂણો: પૂર્વ અને દક્ષિણ વચ્ચે.

(૨) નૈઋર્ત્ય ખૂણો: દક્ષિણ અને પશ્ચિમ વચ્ચે.

(૩) વાયવ્ય ખૂણો: પશ્ચિમ અને ઉત્તર વચ્ચે.

(૪) ઈશાન ખૂણો: ઉત્તર અને પૂર્વ વચ્ચે.

એ તો ઠીક પણ રાતે દિશાઓ શી રીતે જાણવી? ઘરમાં બેઠાં બેઠાં જાણવી હોય તો હોકાયંત્ર ઉપરથી દિશાઓ જાણી શકાય છે.



જુઓ આ હોકાયંત્રનું ચિત્ર. એમાં આ કાંટા જુઓ તે કઇ દિશામાં હંમેશ રહે છે તે જોવાથી જણાશે કે ઉત્તર અને દક્ષિણ તે રહે છે. એનું કારણ તેને લોહચુંબકવાળો રસ લગાડેલો છે તેથી તેમ રહે છે. એ યંત્રમાં દિશાઓ જાણવા માટે અંગ્રેજીમાં એક એક અક્ષર લખ્યો છે. વહાણ અને આગબોટવાળા તેનો હંમેશ ઉપયોગ કરે છે. ચોમાસામાં તો તે બહુ કામનું છે. દિવસે સૂરજ પરથી દિશાઓ જણાય, પણ રાતે કેવી રીતે સમજાય ? આકાશમાં **ધ્રુવ** નામનો **તારો** હંમેશાં **ઉત્તર** દિશામાં રહે છે, તે પરથી દિશાઓ જાણી શકાય છે.

---

૧. દિશા એટલે શું ? ત્યારે દિશાઓ કેટલી છે, અને કઈ કઈ ? તમારા વર્ગની દિશા બતાવો. મુંબઈ તમારા ગામથી કઈ દિશામાં આવ્યું ?
૨. ખૂણાઓ કેટલા છે ? કયા કયા ? તેની વ્યાખ્યા કહો.
૩. રાતે દિશા કેવી રીતે ઓળખવી ? ધ્રુવનો તારો જોયો છે ?

પાઠ ૫

નિશાળનો નકશો, નકશો અને દિશાઓ

તમે ચોરસ, લંબચોરસ વગેરે કાઢતાં શીખી ગયાં છો; પણ તેવા આકારનો કોઈ નકશો કાઢવો હોય તો શું કરવું ? સ્લેટ તો નાની હોય તેમાં એવડા મોટા ઓરડાના માપ પ્રમાણે નકશો શી રીતે દોરશો ? તે માટે પ્રથમ પાટીમાં દિશાઓ

લખવી. હંમેશાં એવો નિયમ છે કે ચોપડી, પાટી કે નકશાની ઉપલી બાજુ ઉત્તર દિશા ગણાય છે. તે પ્રમાણે દિશાઓ માંડ્યા પછી આખા ઓરડાની લંબાઈ પહોળાઈ ફૂટદોરીથી માપવી. ધારો કે એક ઓરડો ૨૦ ફૂટ લાંબો અને ૧૬ ફૂટ પહોળો થયો. તો ૪ ફૂટ બરાબર ૧ ઇંચ ગણી પાટીમાં તેનો નકશો બનાવતાં ૫ ઇંચ લાંબો અને ૪ ઇંચ પહોળો (દિશાઓ ધ્યાનમાં રાખી) લંબચોરસ દોરવો.

પછી બારીબારણાં જ્યાં હોય ત્યાં માપના પ્રમાણમાં બતાવો. પછી શિક્ષકના ટેબલ ખુરસીની જગા બતાવી છોકરાઓની બેસવાની જગા (ગેલેરી) ટપકાં મૂકી બતાવો. એ પ્રમાણે આખી નિશાળનો નકશો બનાવતાં શીખવું. તેમાં નિશાળની બહારનો ભાગ બતાવો. તમે જે વૉર્ડમાં રહેતા હો તે વૉર્ડનો નકશો બનાવતાં શીખવું.

નકશો ભીંત પર ટાંગી તેની સામે ઊભા રહો, તો ઉપરની **ઉત્તર** દિશા, નીચેની **દક્ષિણ** દિશા, જમણા હાથ તરફની **પૂર્વ** દિશા અને ડાબા હાથ તરફની **પશ્ચિમ** દિશા જાણવી.

---

૧. તમારા **વર્ગનો** તથા **નિશાળનો નકશો** દોરો.
૨. **નકશાની** દિશા સમજાવો. તમારા ઓરડાની દિશા બતાવો.

પાઠ ૬

તાલુકો, જિલ્લો, પ્રાન્ત, ઇલાકો, દેશ, ખંડ અને ગોળાર્ધ

પાઠ ૩જામાં ગામ અને શહેર વિષે તમે શીખી ગયાં. એવાં ઘણાં ગામોના કરેલા જથાને **તાલુકો** કહે છે. દરેક જિલ્લામાં એવા તાલુકા હોય છે.

ઘણા તાલુકા મળી **જિલ્લો** બને છે. મુંબઈ પાસે થાણા જિલ્લો આવેલો છે.

જેમાં ઘણા જિલ્લાઓ આવેલા હોય એવા મોટા ભાગને **પ્રાન્ત** કહે છે. **ગૂજરાત** પ્રાન્ત કહેવાય.

સરકારે વ્યવસ્થા માટે એવા પ્રાન્તોના વિભાગ કરેલા છે. ઘણા પ્રાન્તો મળી **ઇલાકો** બને છે. ઘણા ઇલાકા મળી **દેશ** બને છે. **હિન્દુસ્તાન** આપણો દેશ છે.

જેમાં ઘણા દેશો, નદીઓ, પર્વતો, સરોવરો વગેરે આવેલાં હોય, તેવા પૃથ્વીના મોટા ભાગને ખંડ કહે છે. હિન્દુસ્તાન દેશ એશિયાખંડમાં આવ્યો છે. પૃથ્વી પર એવા પાંચ ખંડો છે: (૧) એશિયા, (૨) યુરોપ, (૩) આફ્રિકા, (૪) અમેરિકા, અને (૫) ઑસ્ટ્રેલિયા.

ખંડના મોટા ભાગને **ગોળાર્ધ** કહે છે. એવા પૃથ્વીના બે ગોળાર્ધ છે. પૂર્વ ગોળાર્ધ અને પશ્ચિમ ગોળાર્ધ.

---

૧. **તાલુકા**, **જિલ્લો** અને **પ્રાન્ત**ની વ્યાખ્યા કહો.

૨. **પ્રાન્ત** અને ઇલાકામાં ફેર શો? દેશ એટલે? આપણો દેશ કયો?

પાઠ ૭

મેદાન. ટેકરી. ડુંગર, પર્વત, શિખર અને ખીણ

બોરીબંદર સ્ટેશનેથી ધોબીતળાવ તરફ આવતાં ઘણા છોકરાઓને ખુલ્લી જગામાં ક્રિકેટ રમતા જોયા હશે. એવી એક સરખી સપાટ જમીનને **મેદાન** કહે છે. એ મેદાન **એસ્પ્લેનેડના** (આઝાદ મેદાન) મેદાનથી ઓળખાય છે.

તમે **વરલી** તો ગયા હશો. ત્યાંની જમીન કેવી છે?

એવી જમીનના ઊંચા ભાગને **ટેકરી** કહે છે.

ઊંચી ટેકરીને ડુંગર કહે છે. વાલકેશ્વરનો ડુંગર કહેવાય.

બે કે વધુ જોડાયલા ઊંચા ડુંગરને **પર્વત** કહે છે.

ગિરનારનો ડુંગર પર્વત કહેવાય છે.

પર્વતના ઊંચા અણી પડતા ભાગને શિખર કહે છે. કળસુ-બાઈ સહ્યાદ્રિનું શિખર છે.

બે ડુંગર કે પર્વત વચ્ચેની સાંકડી ઉંડી જમીનને ખીણ કહે છે. હિમાલય પર્વતમાં એવી ઘણી ખીણો છે.

---

૧. તમે મેદાન જોયું છે? તમે ડુંગર જોયો છે? પાટી ઉપર ટેકરી, ડુંગર, શિખર પાડી બતાવો.

૨. ખીણ અને શિખરમાં શો ફેર? માટીથી નમુનો કરો.


પાઠ ૮

તળાવ, બેટ, ભૂશિર, અખાત, સામુદ્રધુનિ અને સંયોગીભૂમિ.

ચારે બાજુ જમીન અને વચ્ચે પાણી હોય તેને તળાવ કહે છે. મંમાદેવી પાસે એવું તળાવ છે. મુંબઇમાં ઘણાં તળાવો મચ્છરના ત્રાસને લીધે પુરી નાંખ્યાં છે. મોટાં તળાવને સરોવર



કહે છે. મુંબઈના લોકો તાનસા નામના સરોવરનું પાણી પીએ છે. તળાવથી ઉલટું જ્યાં હોય એટલે વચ્ચે જમીન અને તેની આસપાસ પાણી હોય તેને બેટ કે



વ્યાખ્યાનો નકશો
સરોવર
જંગલ
જળરો
પર્વત
સરોવર
નદી
અખાત
શહેર
પહાડ
ડુંગરી કિલ્લો
જમીન
નાનો ડુંગર
ગામડું
મેદાન
આગગાડી
ખીણ
ટેકરી
સંગમ
કિનારો
રેલ્વે
સંયોગી
રેલ્વે સ્ટેશન
દીવાદાંડી
બંદર
આગબોટ
મહાસાગર
પૂરવા
ખંડ

દ્વીપ કહે છે. મુંબઈ પહેલાં બેટ હતો. તે સાષ્ટી બેટ જોડે કુર્લા આગળ સંધાઇ ગયો હોવાથી દ્વીપકલ્પ થયો છે. મુંબઈ પાસે *ઘારાપુરીનો બેટ આવેલો છે. (ચિત્ર જુઓ.)

જમીનની અણી લાંબી થઈ સમુદ્રમાં ગઈ હોય તેને **ભૂશિર** કહે છે. વાલકેશ્વર પાસે એવી અણી છે.

ભૂશિરથી ઉલટું શું? તમે માહીમને દરીએ ગયા છો? ત્યાં સમુદ્રનો ભાગ કેવી રીતે વાંદરાની ખાડી આગળ મળ્યો છે? માટે સમુદ્રનો ફાંટો અણી જેવો થઈ જમીનમાં ગયો હોય તેને **અખાત** કહે છે. કચ્છનો અને ખંભાતનો અખાત જુઓ.

જમીનના બે મોટા ભાગને સાંધનારા જમીનના નાના ભાગને **સંયોગીભૂમિ** કહે છે. એથી ઉલટું જ્યાં હોય એટલે પાણીના બે મોટા ભાગને સાંધનારા પાણીના નાના ભાગને **સામુદ્રધુનિ** કહે છે. કાઠિયાવાડ અને ગૂજરાત જ્યાં આગળ મળે છે તે ભાગ સંયોગીભૂમિ જેવો છે.

---

૧. તળાવથી ઉલટું શું? ભૂશિરથી ઉલટું શું? સામુદ્રધુનિથી?
૨. પાટીઆ ઉપર તળાવ, બેટ, ભૂશિર અને સામુદ્રધુનિ પાડી બતાવો.
૩. માટી લઈ નમુનો કરો.
૪. આ પાઠમાં આપેલું ચિત્ર ક્યાંનું છે? તમે ત્યાં ગયા છો?

પાઠ ૯

નદી, સંગમ, દોઆબ, ખાડી, ઉપસાગર, સમુદ્ર, મહાસાગર, કિનારો, ભરતીઓટ અને દીવાદાંડી.

ડુંગર કે સરોવરમાંથી મીઠા પાણીનો રેલો ઢળતી જગાએ વહી સમુદ્રને મળે તેને **નદી** કહે છે. નર્મદા, તાપી ગૂજરાતમાં મોટી નદીઓ આવેલી છે. નદી જ્યાંથી નીકળે છે, તેને **મૂળ** કહે છે, અને જ્યાં આગળ દરીઆને મળે છે તેને **મુખ** કહે છે.

બે નદીઓ એક બીજીને જ્યાં આગળ મળે તે ભાગને **સંગમ** કહે છે, અને એવી બે નદી વચ્ચે આવેલા પ્રદેશને ***દોઆબ** કહે છે. ગંગા ને જમના નદી વચ્ચેનો પ્રદેશ દોઆબથી ઓળખાય છે. એ પ્રમાણે ×પંજાબનું નામ પડેલું છે.

દરીઆનું પાણી ભરતી વખતે અંદર આવે એવા નદીના પહોળા મુખને **ખાડી** કહે છે. સાષ્ટી બેટની ફરતે ત્રણ ખાડીઓ આવેલી છે. થાણાની, કલ્યાણીની અને વસઇની.

લાંબા ને પહોળા અખાતને **ઉપસાગર** કહે છે, ચોપાટી પાસેનો સમુદ્ર (બેકબે) ઉપસાગર છે.

ખારા પાણીના મોટા ભાગને **સમુદ્ર** કે દરીઓ કહે છે. મુંબઈની પશ્ચિમ–દક્ષિણે અરબી સમુદ્ર આવેલો છે.

પૃથ્વી ઉપર ખારા પાણીના મોટા જથાઓ આવેલા છે, તેને **મહાસાગર** (મોટા દરીઓ) કહે છે.


પૃથ્વી પર **પાંચ** મહાસાગરો આવેલા છે.

નદી, ખાડી કે સમુદ્રનાં પાણી વહેતી વખતે જમીનને ખોદી નાંખે છે તેને **કિનારો** કહે છે.

---

*દો=બે+આબ=પાણી. ×પંચ=પાંચ+આબ=પાણી

સૂર્ય કે ચંદ્રના આકર્ષણથી સમુદ્રનું પાણી વારાફરતી ચઢે છે, તેને **ભરતી** અને ઉતરે તેને **ઓટ** કહે છે. દિવસમાં બે વાર છ છ કલાકને અંતરે ભરતીઓટ થાય છે.



સમુદ્રની અંદર ખડક હોય છે. અંધારામાં વહાણો અને આગબોટો તેની સાથે ન અથડાય માટે એક ઉંચો થાંભલો ચણી તેમાં ફરતો દીવો રાખે છે, તેને **દીવાદાંડી** કહે છે. કોલાબામાં એવી દીવા-દાંડી છે. (જુઓ ચિત્ર)

તે પર ફરતો દીવો હોય છે.


૧. નદી એટલે શું ? ત્યારે મૂળ અને મુખ એટલે ?
૨. સંગમ, દ્વાઆબ અને ખાડીની વ્યાખ્યા બોલો.
૩. પાટીઆ ઉપર ઉપસાગર, સમુદ્ર, મહાસાગર ચાકથી દોરી બતાવો ને તેમાં શો ફેર છે તે કહો.
૪. ભરતીઓટ થવાનું કારણ શું ? દીવાદાંડીની જરૂર શી ?

પાઠ ૧૦

ટનલ, જ્વાળામુખી, દ્વીપકલ્પ, રણ અને ધોધ.

તમે કલ્યાણી ગયા હશો. થાણા ને કલ્યાણી વચ્ચે ઘણા ડુંગરો આવે છે, પહેલાં આગગાડી એ ડુંગરોની ફરતે થઈને જતી; પણ વખત બચાવવા આગગાડીની આવજા માટે પારસિક

ગામ આગળ ડુંગરને કોરી સીધો રસ્તો કરેલો છે. તે પારસિક ટનલ (બોગદું) થી ઓળખાય છે. નાશિક કે પુને જતાં એવી ઘણીજ ટનલો આવે છે. કેટલીક જગાએ આગગાડી ડુંગરપર ચઢે છે. તેવાં સ્થળો ઘાટથી ઓળખાય છે. નાશિક જતાં કસારા ઘાટ આવે છે.



પારસિક ટનલ—થાણા



જે પર્વતમાંથી ધુમાડો, રાખ અને બળતા પદાર્થોનો ગરમ રસ નીકળે છે, તેવા પર્વત જ્વાળામુખીથી ઓળખાય છે. જાપાનમાં એવા પહાડો બહુ જ છે.

જમીનની ત્રણ બાજુ પાણી હોય અને એક બાજુએ જમીન હોય તેને દ્વીપકલ્પ કહે છે. કાઠિયાવાડ મોટો દ્વીપકલ્પ છે.

રેતીથી ભરપુર મોટા મેદાનમાં જ્યાં વનસ્પતિ પણ ન હોય કે પ્રાણીઓ રહેતાં ન હોય તેને **રણ** કહે છે. કચ્છ પાસે એવું રણ છે. રણમાં પાણી મળતું નથી.

પાણીનો પ્રવાહ એકદમ ઉંચેથી પડતો હોય, તેને **ધોધ** કહે છે. ગેરસપ્પા કે જોગનો ધોધ દક્ષિણ વિભાગમાં આવેલો છે.

---

૧. તમે કોઈ ટનલ જોઈ છે? કેવી હોય છે? પાસેનું ચિત્ર જુઓ.
૨. જ્વાળામુખી એટલે શું? રણ એટલે? રેતી લઈ રણ બનાવો.
૩. દ્વીપ અને દ્વીપકલ્પમાં ફેર શો? ધોધ એટલે? જુઓ ચિત્ર.

પાઠ ૧૧

બીજી વ્યાખ્યાઓ.

૭૫ વર્ષ પહેલાં રેલ્વે ન હતી, ત્યારે માલ બીજે મોકલવાને સહેલું પડે માટે ઘણાંખરાં શહેરો કે ગામો, નદી કે સમુદ્ર કાંઠે વસતાં. હાલમાં રેલ્વે તથા આગબોટને લઈને દેશ–પરદેશ સહેલાઈથી માલ મોકલી શકાય છે. એ પ્રમાણે માલ મોકલવા માટે નદી કે સમુદ્ર કાંઠે આવેલાં શહેરોમાં વહાણ કે આગબોટમાંથી જ્યાં આગળ માલ ચઢઉતર થતો હોય તેને **બંદર** કહે છે. મુંબઈ મોટું બંદર છે.

જે બંદરમાં વહાણ કે આગબોટ સહીસલામત રહી શકતાં હોય તેને **બારૂં** કહે છે. મુંબઈની પૂર્વે મુંબઈનું બારૂં આવેલું છે.

વહાણોમાંથી ઉતારેલો અને ચઢાવવાનો માલ જે જગામાં રાખવામાં આવે છે તેને **ગોદી** કહે છે. મુંબઈના પૂર્વ ભાગમાં એવી ગોદીઓ છે. બોટમાંથી માલ ઉતારવા તથા ચઢાવવાના રાક્ષસી ઊંટડા જોઈ ચકિત થઈ જવાય છે.

જે સ્ટેશન આગળ આગગાડીના બે કે તેથી વધારે રેલ્વેના ફાંટાઓ આવી મળતા હોય તેને **જંકશન** કહે છે. દાદર જંકશન કહેવાય.

જેમાં સંખ્યાબંધ દરદીઓને મફત દવા આપી સારવાર કરવામાં આવે છે તેને **હોસ્પિટલ** કહે છે. મુંબઇમાં એવી ઘણી હોસ્પિટલો છે, જેમકે જે. જે. હોસ્પિટલ.

---

૧. ગોદી અને બંદર એટલે શું? એ વચ્ચેનો તફાવત કહો.
૨. તમે કોઈ જંકજન જોયું છે? ત્યાંરે જંકશન એટલે?
૩. હોસ્પિટલની જરૂર શી? તમે હોસ્પિટલ જોઈ છે?

પાઠ ૧૨

જુનું મુંબઈ



આજથી ૨૫૦ વર્ષ ઉપર આજે જેવું મુંબઈ છે તેવું તે ન હતું. ત્યાં સાત નાના ટાપુ હતા. પાસેનું ચિત્ર જુઓ

(૧) માહીમ (મહીકાવતી)
(૨) વરલી
(૩) મુંબઇ (વાલકેશ્વર, ગીરગામ)
(૪) માંજગાંવ (મચ્છીગાંવ)
(૫) કોલાબા
(૬) નાનું કોલાબા
(૭) પરેલ.

તે પરથી મુંબઈના સાત વિભાગ પાડ્યા છે. મુંબઈના જુના સ્થળોની હકીકત નીચે આપવામાં આવી છે+

+ **કોલાબા** –કોળી લોકોનું રહેવાનું સ્થળ. કોલભાટ; કુલાબા. **એપોલોગેટ**–સૂર્યનો અથવા પૂર્વનો દરવાજો. **બોરીબંદર**–બોહરી બજાર પાસેનું જુનું બંદર. **ધોબીતલાવ** –પહેલાં ત્યાં ધોબી લોકો કપડાં ધોવા જતા તે સ્થળ. **ચકલા**–અસલ અંગ્રેજી પલટણનું કવાયત કરવાનું સ્થળ. **માંડવી**–જુનું જકાતી નાકાનું સ્થળ. **મુંબાદેવી**–**મહાઅંબાઈ** પરથી અંગ્રેજોએ મુંબઈ નામ રાખ્યું. કોળી લોકોએ બંધાવેલું જુનું મંદિર બોરીબંદર નજીક હતું. હાલનું મંદિર નવું છે. **પાયધુની**–પગ ધોવાની જગા. **ભૂલેશ્વર**–ભુલા નામના કોળી ભગતે બંધાવેલું શંકરનુ દહેરું. **ફણસવાડી** –ફણસના ઝાડની વાડી. **કાંદેવાડી** જુના વખતમાં ત્યાં કાંદાની મોટી વખારો હતી. **ભીંડીબજાર**–ભીંડીના ત્યાં ઝાડો બહુ ઉગતાં પછી તો ત્યાં બજાર ભરાવા માંડયું તે પરથી. **કેળેવાડી**–કેળાના ઝાડની વાડી હતી. **ગિરગામ**–(ગિરિ+ગ્રામ) ડુંગરની તળેતીમાં આવેલું ગામ. **ચોપાટી**–અસલ ચોરસ જેવી જગા હતી. **બૅક બે** (બૅક=પાછળનો+બે=ઉપસાગર) ફોર્ટની પાછળનો ઉપસાગર. **વાળુકેશ્વર**–(વાળુ=રેતી) રેતીના મહાદેવ. એમ કહેવાય છે કે રામ ફરતા ફરતા અહીં આવ્યા અને મહાદેવની સ્થાપના કરી પણ પાણી ન હોવાથી લક્ષ્મણે બાણ મારી પાણી કાઢયું તે ભાગ **બાણગંગાથી** ઓળખાયો. **વાલકેશ્વર** ઉપર પાછળથી **મલબાર**ના વેપારી રહેવા લાગ્યા તે પરથી **મલબારહીલ** કહેવાયું. **ખંભાલાહીલ**–ખંભ–સ્થંભની માનતા ચાલતી તે પરથી **ખાંભાલય**–ખંબાલાહીલ, ખંભાલાહીલ. **તાડદેવ**–**તારદેવ** તાડના ઝાડની નીચે લોકો મૂર્તિ મૂકી પૂજા કરતા. **આગ્રીપાડા**–આગ્રી નામની જ્ઞાતિઓનું રહેવાનું સ્થળ તે લોકોએ **મહાલક્ષ્મી**નું મંદિર બંધાવ્યું હતું. **નળબજાર**–(નળ= ગટર) પ્રથમ ત્યાં પાકી ગટર બંધાઈ અને બજાર ભરાતું તે પરથી. **શેતવાડી**–(શેત=ખેતી) તે પરથી **ખેતવાડી. કામાથીપુરા** –કામટી લોકોનું (એકજાત) રહેઠાણ. **મદનપુરા**–મદન નામના ધનવાન કોળી પરથી. **ભાયખલા**–ભાયા નામના ઝાડ પરથી. **માજગાંવ**–(મચ્છ+ગાંવ) કોળીઓ અહીં માછલાં પકડતા તે પરથી, કેટલાક મધ્યગ્રામ પણ ગણે છે. **વાડીબંદર**–વાડીઓ પાસેનું બંદર. **ભંડારવાડા**–(વાડા=જગા)

ભંડારી લોકોને રહેવાની જગા. **મ્હાતાર પાખાડી**–(પાખાડી=જગા) મહાત્રે જાતિનું રહેઠાણ. **ટાંકબંદર**–(ટંક=તળાવ) તળાવ પાસેનું બંદર. **વરલી**–મરાઠી વરલેં (ઉપરની) પરથી **વરળી. પરેલ**=પડેલ કે **પરલ** નામના ઝાડ પરથી. **શિવડી**–(શિવ=શંકર+વાડી) **શંકર**ના દહેરાં ફરતે વાડી હતી તે, **લાલબાગ**=એ સ્થળે વાડી ફરતે લાલકંપાઉન્ડ હતું તે પરથી. **સોપારીબાગ**=સોપારીના ઝાડનો બાગ તે પરથી. **પોયબાવડી**=લાલવાડી પાસે ધર્માર્થે બાવડી (કુવો) હતી તે પરથી. **નાયગાંવ=ભીમરાજ**નું ન્યાય આપવાનું મંદિર હતું તે પરથી. **વડાલા**–વડના ઝાડ પરથી. **માટુંગા–ભીમ**દેવનું **માતંગ–હાથી**ખાનાનું સ્થળ. **સીવ**=સીમાડાની જગા. **ધારાવી**–(ધાર=કિનારો) એટના કિનારાની જગા. **માહીમ**–(મહીકાવતી) **ભીમ**દેવની રાજધાનીની જગા **પ્રભાદેવી**–પાઠારે પ્રભુ નામની જાતિએ બંધાવેલું દેવીનું મંદિર તે પરથી દાદર–ઠેઠ **વાંદરાં**થી ત્યાં સુધી લાકડીઆ પુલ બાંધેલો તે પરથી. [મરાઠી પરથી]

પાઠ ૧૩

મુંબઈની ઓળખ અને વોર્ડ.

મુંબઇ એ મુંબઈ ઇલાકાની રાજધાનીનું શહેર છે. મુંબઇમાં દુનિયાના દરેક દેશના લોકો આવે છે ને જાય છે. અજાણ્યા આવતાંની સાથે ચકિત થઇ જાય છે. મોટાં મકાનો, મોટાં હાટો, મોટા રસ્તાઓ, માણસોની ભારે ઠઠ વગેરે જોઈ તેમના આનંદનો પાર રહેતો નથી. ગીચ વસ્તીવાળા મુંબઈ શહેરની વ્યવસ્થા સારી રીતે જળવાય તે માટે નામદાર સરકારે લોકોને સ્વરાજ જેવા હકો આપેલા છે તે પ્રમાણે મ્યુનિસિપાલિટીનો કારભાર કોર્પોરેશન કરે છે. કોર્પોરેશને આખા મુંબઇના વસ્તીના પ્રમાણમાં ૭ ભાગ કરેલા છે. તે વોર્ડ કે વિભાગથી ઓળખાય છે. એ સાતે વોર્ડના

ઉપરી અધિકારી કમિશ્નર સાહેબના નામથી ઓળખાય છે. વૉર્ડના નામઃ–(૧) એ. કોટ વૉર્ડ (૨) બી. માંડવી વૉર્ડ (૩) સી. ભૂલેશ્વર વૉર્ડ (૪) ડી. ગીરગામ વૉર્ડ (૫) ઇ. ભાયખલા વૉર્ડ (૬) એફ. પરેલ વૉર્ડ (૭) જી. માહીમ વૉર્ડ.

વૉર્ડ અને તેના પેટા વિભાગઃ–

(૧) એ.	(૨) બી.	(૩) સી.
અપર કોલાબા	ચકલો	માર્કેટ
લોઅર કોલાબા	માંડવી	ફણસવાડી
દક્ષિણ કોટ	ઉમરખાડી	ધોબીતળાવ
ઉત્તર કોટ	ડોંગરી	ભૂલેશ્વર
એસ્પ્લેનેડ (મેદાન)		કુંભારવાડા
		ખારાતળાવ


(૪) ડી.	(૫) ઈ.	(૬) એફ.	(૭) જી.
ખેતવાડી	તારદેવ–કામાઠીપુરા	ચીંચપોકલી	વરલી
ગીરગામ	નવો નાગપાડો	પરેલ, દાદર	અપર માહીમ
ચોપાટી	જુનો નાગપાડો	શિવડી	લોઅર માહીમ
વાલકેશ્વર	તારવાડી,ભાયખલા,	માટુંગા	ધારાવી
મહાલક્ષ્મી	મઝગામ	નાયગામ,સીવ	

આ પ્રમાણે મુંબઈમાં પોલિસ ખાતા તથા ટપાલ અને તાર ખાતાએ પોતાની સગવડ માટે વિભાગ કરેલા છે.

---

૧. મુંબઈના કેટલા વૉર્ડ કરેલા છે? દરેકના પેટા ભાગ કહો.
૨. મુંબઈનું ખોખું માટીથી અથવા પુઠું કાપીને બનાવો.
૩. મુંબઈ બેટના ખોખામાં તમારો વૉર્ડ બતાવો તથા તેમાં શાળાની જગા બતાવો.

મુંબઇ શહેરની ભૂગોળ



આ પ્રમાણે મુંબઇ બેટનું ખોખું બનાવો.

પાઠ ૧૪

મુંબઈનું સામાન્ય વર્ણન

મુંબઈની ટૂંક હકીકતઃ—મુંબઈ શહેર મુંબઈ ઇલાકાની રાજધાની છે. એ બેટ લાંબા સમય સુધી દક્ષિણના હિંદુ [1] રાજાઓને તાબે હતો, પછીથી મુસલમાનોએ જીતી લીધો. ત્યારપછી એ બેટ અમદાવાદના સુલતાનને તાબે આવ્યો. ત્યારપછી પોર્ટુગીઝોના તાબામાં આવ્યો. પોર્ટુગાલના રાજાએ સને ૧૬૬૧ની આખરે પોતાની કુંવરી ઇંગ્લાંડના રાજા ચાર્લ્સ સાથે પરણાવી એ બેટ પહેરામણીમાં આપ્યો. ઇ. સ. ૧૬૬૭થી ઇંગ્લાંડના રાજાએ વરસના રૂા. ૧૦૦) લેવાના કરી કંપની સરકારને આપ્યો. ઈ. સ. ૧૬૬૮ની શરૂઆતમાં કંપની સરકારે શિવાજીની લૂંટથી કંટાળી પોતાની કોઠી (વેપારની વખારો) સૂરતથી મુંબઈ આણી. અહીં પણ અંગ્રેજોને ઇ.સ. ૧૮૧૮માં પેશ્વાઇ ડૂબી ત્યાંસુધી મરાઠાઓ તરફથી ત્રાસ ભોગવવો પડયો. બચાવ માટે અંગ્રેજોએ પોતાની વખારની ચોતરફ ઈ. સ. ૧૭૧૬માં કોટ (ફોર્ટ) બંધાવી ફરતે ખાઈ ખોદાવી હતી. હાલમાં પણ એ ભાગ કોટથી ઓળખાય છે.

તે સમયે હાલના જેવું મુંબઈ ન હતું. સાત નાના *ટાપુઓ હતા. તેમાં કોળી લોકોની થોડી વસ્તી હતી. માહીમનો ભાગ સારી વસ્તીવાળો હતો. ત્યાં વેપાર પણ સારો ચાલતો. તો પણ ઈ. સ. ૧૮૬૦ સુધી મુંબઇ સારી હાલતમાં ન હતું. ઇ. સ. ૧૮૬૩માં અંગ્રેજ સરકારે કોટનો ઘણો ભાગ તોડી પડાવી ખાઈ પુરાવી નખાવી, ત્યારથી મુંબઈ વધવા માંડ્યું.

---

૧. દક્ષિણના હિંદુ રાજા ભીમદેવને. *પાઠ ૧૨ જુઓ.

છેલ્લી મોટી લડાઈ પછી (ઇ. સ. ૧૯૧૮) મુંબઈ શહેર બેટ મટી દ્વીપકલ્પ બન્યું. આજે મુંબઇ, હિંદમાં પહેલા નંબરનું અને દુનિયાના મોટા બંદરો પૈકી ઉત્તમ બારૂં ગણાય છે. દિવસે દિવસે વસ્તી વધતી જાય છે. ઘણા લોકો કલ્યાણી, થાણા, વિરાર, બોરીવલી વગેરે સ્થળે રહી રોજ ધંધાર્થે આવે છે. તેમને જલદી જવા આવવા માટે વીજળીની આગગાડી શરૂ થઇ છે. હાલમાં બોમ્બે ઇમ્પ્રુવ્હમેન્ટટ્રસ્ટ, બોમ્બેપોર્ટ (બંદર) ટ્રસ્ટ, ડેવ્હલપ્મેંટ, વગેરે ખાતાં મારફત શહેરમાં ધમધોકાર સુધારા થયા છે.

---

૧. મુંબઇની ટુંકી હકીકત કહો.
૨. મુંબઈ ક્યાં આગળ દ્વીપકલ્પ તરીકે જોડાયો છે ?

પાઠ ૧૫

મુંબઇનું સામાન્ય વર્ણન [ચાલુ]

સીમા—ઉત્તરે—વાંદરાની ખાડી ને મુંબઈ સબર્બન જિલ્લો, પશ્ચિમ અને દક્ષિણે—અરબી સમુદ્ર. પૂર્વે—સમુદ્ર, ઘારાપુરી અને ઉરણના બેટો.


વિસ્તાર—લંબાઈ આશરે ૧૨ માઇલ, પહોળાઈ વધુમાં વધુ આશરે ૩ માઇલ, ક્ષેત્રફળ ૨૪—૬ ચોરસ માઇલ છે.

વસ્તી—આશરે ૧૨ લાખ માણસની.

આકાર—ભિસ્તીની પખાલ જેવો છે.

ભાષા—મરાઠી, ઉર્દુ અને ગુજરાતી મુખ્ય છે, પણ ઘણાં ખરાં ખાતામાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ થાય છે.

હવામાન અને વરસાદ:—ચારે બાજુ દરીઆને લઈને બહુ ટાઢતાપ લાગતાં નથી. વરસાદ ૯૦ ઇંચ સુધી પડે છે, પણ વસ્તી વધુ હોવાથી ઘામ રહે છે. ઉનાળો સખત રહે છે. જેથી શાળાઓ બંધ રહે છે. અત્યારે હવામાં ગરમી કેટલી છે તે **થર્મોમિટર** (ગરમી માપક યંત્ર) થી સમજાય છે. જુઓ ચિત્ર.



વરસાદમાપક યંત્ર. થર્મોમિટર.

દ્વીપકલ્પ—કોલાબા, વાલકેશ્વર ને વરલી.

ભૂશિર—કોલાબા, વાલકેશ્વર, વરલી, માહીમ અને શિવડી.


ડુંગર—મલબારહીલ, ખંભાલાહીલ, વરલીહીલ, સીવરી, મહાલક્ષ્મીહીલ અને ભંડારવાડાહીલ.

ખાડી—વાંદરાની. કેટલાક માહીમની પણ કહે છે.

તળાવ—મંમાદેવી, બાણગંગાનું અને મહાલક્ષ્મીનું હાલમાં છે, ભૂલેશ્વર, ધોબીતળાવ, કાવસજી પટેલનું તળાવ, ગોવાળીઆ તળાવ, ગિલ્ડર તળાવ, વગેરે પૂરી નાખ્યાં છે.

ઉપસાગર:—બેકબે. **અખાત:**—માહીમનો.

મુંબઇ શહેરની ભૂગોળ


મુંબઇ બેટ
પાર્ક, ડુંગર,
અખાત,
પોસ્ટના નંબરો,
ભુશિર.
શિવરી ભૂ.
શિવરી ડુંગર
માહીમનો અખાત
વરલી હીલ
મહાલક્ષ્મી ભૂ.
મલબાર હીલ
બાણકંગા ભૂ.
કોલાબા ભૂ.
કમાટીપુરા
તારદેવ
નાગપાડા

મેદાન–બેન્ડસ્ટેન્ડ, મરીનલાઇન્સ ચર્ચગેટ, ચોપાટી, ×મહાલક્ષ્મી, કોટ,* અને શિવાજી પાર્કનું.

ગોદી–વિક્ટોરીઆ ડૉક, પ્રિન્સેસ ડૉક, અલેકઝાંડ્રા ડૉક, સાસુન ડૉક, અને ગવર્મેન્ટ ડૉકયાર્ડ.

બંદર–ક્રિઅરબંદર, પાલવા બંદર, મોદીબંદર, વાડીબંદર, કર્નાક બંદર, આર્થર બંદર વગેરે.

આગબોટ–(૧) કોંકણપટી, ગોવા તરફ જનારી બોટ અલેકઝાંડ્રા ડોકમાંથી ઊપડે છે. (૨) કચ્છ અને કારવાર તરફ જનારી બોટ પ્રિન્સેસ ડોકમાંથી ઊપડે છે. (૩) પરદેશમાં જવાની બોટ અલેકઝાંડ્રા ડોકમાંથી ઊપડે છે. પૂર્વ કિનારે સારી સગવડ હોવાથી બંદર તથા ગોદીઓ આવી છે. હવે કારણ તપાસીએઃ–

(૧) આગબોટ તથા વહાણોને ઊભા રહેવા **શાંત હવા** જોઈએ તેવી ત્યાં છે.

(૨) **ભરતી** કે **ઓટ** વખતે ત્રાસ ન પડવો જોઇએ.


(૩) કિનારા આગળ **પાણી** ઊંડું હોવું જોઈએ.

(૪) પાણીમાં ખડક હોવા જોઈએ નહિ.



વેપારઃ–આપણા દેશમાં મુંબઈનો પરદેશ જોડે વેપાર સારો ચાલે છે. પહેલાં આવો ધમધોકાર વેપાર સુરતમાં ચાલતો. મુંબઈ વેપારીઓનું શહેર છે. તેનાં કારણ

×ઘોડાની રેસ રમાય છે. *એને એસ્પ્લેનેડનું મેદાન કહે છે. (આઝાદ મેદાન) ત્યાં મોટી મોટી જાહેર સભા ભરાય છે, ત્યારે **લાઉડ સ્પીકર** ગોઠવે છે. **લાઉડ સ્પીકર એટલે ભાષણ લાંબે સુધી સંભળાવનાર યંત્ર.**



(૧) ત્રણ બાજુ દરીઓ (૨) મુંબઈથી આખા હિન્દમાં માલ મોકલવાને ત્રણ મોટી રેલ્વેઓ. (૩) મુંબઈથી નજીકમાં આવેલાં ત્રણ જુનાં શહેરો (સૂરત, નાશિક, પુના) અને (૪) વિમાન, ખટારા, ઘોડાગાડી, મોટર, વહાણ ને આગબોટ હાલમાં વેપાર તથા માણસોનાં સુખનાં સાધનો થઈ પડયાં છે. ટેલીફોન, તાર તથા પોષ્ટ ઑફિસ પણ વેપારને મદદ કરે છે.

આયાતઃ-(પરદેશથી આવતો માલ)—જાત-જાતનું કાપડ, સુતર, રૂ, સોનું, રૂપું, લોખંડ, તથા બીજી ધાતુઓનો સામાન, ખાંડ, સ્ટેશનરી સામાન, દારૂ, કાચનો સામાન, યંત્રો, વાજીંત્રો, દવાઓ, સૂકાં ફળો, રેશમ, રંગો, કોલસા, ઘડિયાળ, રમકડાં વગેરે. હાલમાં જાપાનનો માલ બહુ આવે છે.

નિકાશઃ-(પરદેશ જતો માલ)-રૂ, સુતર, ધાન્ય, તેલીબિયાં, સોનું, રૂપું, હાથીદાંત, ગુંદ, અફીણ, દેશી કાપડ, ચા, ચામડાં હાડકાં વગેરે.

---

૧. મુંબઈની ઉત્તરે શું આવ્યું ? ત્યારે બીજી **સીમા** કહો.


૨. વરસાદ કેટલો પડયો તથા હવામાં ગરમી કેટલી છે તે શી રીતે સમજાય ? તમે **થર્મોમિટર** જોયું છે ?

૩. મુંબઈના પૂર્વ કિનારે બંદરો શા માટે આવ્યાં હશે ? બીજા કિનારા ઉપર કેમ નહિ ? સમજાવો.

૪. **સૂરત** કરતાં મુંબઈ વેપારમાં શાથી વધ્યું ?

૫. **આયાત** અને **નિકાશ** એટલે શું ? **આયાત** કહો.

મુંબઈ શહેરની ભૂગોળ


મુંબઈ
મોજમજા
તથા
જાણીતાં સ્થળો
શિવ કિલ્લો
કિલ્લો
કિલ્લો
તોપખાનું
લાલબાગ
રેસકોર્સ
રાણીબાગ
બંબાખાનું
પોલિસ કોર્ટ
જેલ
ઝુલાબાગ
ચોપાટી
પાંજરાપોળ
તોપખાનું
ત્રણબત્તી
સોનાપુર
બોરીબંદર
રાણીનું પુતળું
હાઈકોર્ટ
રાજબાઈ ટાવર
ટંકશાળ
કાળાઘોડા
મ્યુઝિઅમ
સર કા. જ. હૉલ
પાલવા બંદર (ગેટવે ઓફ ઇંડિઆ)
તાજમહાલ હોટેલ
તોપખાનું
દીવાદાંડી
H.N.

પાઠ ૧૬
મુંબઈનું સામાન્ય વર્ણન. [ચાલુ]

દેવસ્થાનો:—

હિંદુઓનાં—વાલકેશ્વરનું, બાબુલનાથનું, ભુલેશ્વરનું, મહાલક્ષ્મી, મુંબાદેવીનું, કાળકાદેવીનું, માધવબાગનું, દાદરનાહનુમાનનું, નળબજારનું ગોળ દેવળ વગેરે.



જૈનોનાં—પાયધુની, લાલબાગ, ભાયખલા, માહીમ વગેરે.


પારસીઓની અગિયારી—ચીરાબજાર, ગીરગામ, ખેતવાડી કાંદાવાડી, દાદીશેઠ અગિયારી લેનની વગેરે.

મુસલમાનોનાં—માહીમની પીરની દરગાહ, જુમ્મા મસીદ, જકરીઆ મસીદ, મોગલ મસીદ વગેરે.

ખ્રિસ્તીનાં—સેંટ થોમસનું ચર્ચ પ્રસિદ્ધ છે.

જાણીતાં સ્થળો—સેક્રેટરીએટ જનરલ પોષ્ટઓફિસ, મ્યુનિસિપલ ઓફિસ, બોરીબંદર હાઈકોર્ટ, બોમ્બે સેંટ્રલ, રોયલ ઇન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ, રાજાબાઈ ટાવર, તાજમહાલ હોટલ, મ્યુઝિયમ, બ્રેબોર્ન સ્ટેડિયમ, કોટન એક્ષચેંજ બિલ્ડીંગ, ગેટવે ઑફ ઈન્ડીઆ વગેરે.

મુંબઈ શહેરની ભૂગોળ




મુંબઈ
પાક, ઉદ્યોગ, વેપાર
વાંદરા
નાળિએર
ચામડા
દારૂખાનું
મીઠું
માછલાં
રેલવે વર્કશોપ
શાકભાજી
કોલસા
કેરોસીન
મીલ
ગ્યાસ કું.
બજાર
લાકડાં
શાક
ઘાસ
બરફ
આરો
ગરમ કાપડ
પથ્થર
દીવાસળી
રેશમી કાપડ
કાપડ
લોખંડ
અનાજ
કંપનીઓ
ઓફિસો
ટંકશાળ
બેક બે

જ્ઞાન વધારનારાં સ્થળો–વેધશાળા, ટંકશાળ, દીવાદાંડી, તોપખાનું, પરેલ લેબોરેટરી, રે આર્ટ સ્કૂલ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, મહાલક્ષ્મી રેસ, શેર બજાર વગેરે.

મોજમઝાનાં સ્થળો–ચોપાટી, પાલવા બંદર, એન્ડસ્ટેન્ડ, રાણીબાગ, ઝુલાબાગ, માહીમનો દરીઓ, ભંડારવાડાનો બાગ, કિંગસર્કલનો બગીચો, રેકલેમેશન, વરલીની નવી ચોપાટી.

પાક, ઉદ્યોગ, ધંધો:–અહીં કાપડની (૮૫), રેશમી કાપડની (૨), ગરમ કાપડની (૨), અને કાગળ બનાવવાની (૧) મિલ આવેલી છે. એ વગર હાલમાં ઇલેકટ્રીક ગીરણીથી વાસણો, મીણબત્તી, લોખંડી સામાન બનાવવાનાં ઘણાં કારખાનાં શરૂ થયાં છે. એ સિવાય જોગેશ્વરી, ઘાટકોપર, અંધેરી, વિક્રોળી અને થાણામાં દિવાસ-ળીનાં કારખાનાં શરૂ થયાં છે, અને તાંબા પિત્તળનાં વાસણનો, મીઠાના અગરનો, ચામડાના સામાનનો ઉદ્યોગ વધ્યો છે. બરફ બનાવવાનાં કારખાનાં પણ વધ્યાં છે. ભાયખલામાં રેફ્રીજરેટીંગનું કારખાનું છે. નાળિયેર, મીઠું, શાકભાજીનો જી–એફ વોર્ડમાં મુખ્ય પાક છે. કિનારે માછલાં પકડવાનો ઉદ્યોગ ચાલે છે. મહાલક્ષ્મી તરફ શાકભાજી થાય છે.



મુંબઈ વિશ્વવિદ્યાલય–પ્રાથમિક તેમજ ઉચ્ચ શિક્ષણ માટે ત્રણ ભાગ પાડેલા છે: (૧) પ્રાથમિક એટલે પોતાની માતૃભાષાનું

શિક્ષણ, (૨) પછી માતૃભાષા સાથે હાઇસ્કૂલનું શિક્ષણ, અને (૩) કૉલેજનું ઉચ્ચ શિક્ષણ, એ બધા શિક્ષણ માટે નિયમો, અભ્યાસ-ક્રમો, પરીક્ષાઓ, પદ્વીઓ, વગેરેની વ્યવસ્થા કરેલી હોય છે. એ કામ કરનારી સંસ્થા તે **વિશ્વવિદ્યાલય** કે **યુનિવર્સિટિ** કહેવાય છે. દરેક ઇલાકામાં એવાં વિશ્વવિદ્યાલય સ્થાપેલાં હોય છે. તેનો મુખ્ય અધિકારી ઇલાકાનો ગવર્નર હોય છે. તે પદવી **ચૅન્સેલર**થી ઓળખાય છે.

મુંબઈમાં **એલ્ફીસ્ટન કૉલેજ, સેંટ ઝેવીયર કાલેજ** અને **વિલ્સન કૉલેજ**માં ભાષા, ગણિત વગેરે શીખવાય છે. એ **આર્ટ્સ** કૉલેજ કહેવાય છે. **નેશનલ** અને **ગ્રેન્ટમેડિકલ કૉલેજ** તથા **ધી ગોરધનદાસ સુંદરદાસ મેડીકલ કૉલેજ**માં વૈદીકનું ઉચ્ચ શિક્ષણ અપાય છે. એમાં પાસ થનારને દાક્તરની પદવી આપવામાં આવે છે. **વેટર્નરી કૉલેજ**માં પ્રાણીઓ સંબંધીનું શિક્ષણ અપાય છે. **સિડનહૅમ** અને **દાવર કમર્શિયલ કૉલેજ**માં વેપારનું, **રૉયલ ઇન્સ્ટીટયુટ ઑફ સાયન્સ** એ સંસ્થામાં રસાયણ શાસ્ત્રનું, **વિક્ટોરિયા ટેકનીકલ ઇન્સ્ટીટયુટ**માં ઉદ્યોગનું અને **લૉ કૉલેજ**માં કાયદાનું શિક્ષણ અપાય છે. કાયદાની પરીક્ષા પાસ થનાર **વકીલ** કહેવાય છે. ચિત્રકળા માટે **સર. જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સ** છે. માટુંગામાં ખાલસા કૉલેજ તથા રૂઈઆ કૉલેજ ચાલુ થઈ છે.

---

૧. મુંબઈનાં જોવા જેવાં (જાણીતાં) સ્થળ કહો.
૨. મોજમઝાનાં ઠેકાણાં કહો. તમે ટંકશાળ જોઈ છે ?
   તેમાં શું શું બનતું હશે ? પાક, ધંધો તથા ઉદ્યોગ ગણાવો.
૩. વિશ્વવિદ્યાલય એટલે શું ?

પાઠ ૧૭

મુંબઈનું સામાન્ય વર્ણન [ચાલુ]

રાજ્યવ્યવસ્થા:–બે પ્રકારની છે.

સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશનની.

સરકારી વ્યવસ્થા:–મુંબઈની જમીન ઉપર ઘર બંધાય છે, તે દરેક ઉપર સરકારી કર હોય છે. તે કર વસુલ કરનાર મુખ્ય અધિકારી **કલેકટર** કહેવાય છે. માણસની આવક ઉપર કર વસુલ કરનાર **ઇન્કમટેક્સ કલેક્ટર** કહેવાય છે. પરદેશથી આવતા માલ ઉપરનો કર ઉઘરાવનાર અધિકારી **કસ્ટમ કમિશ્નર** કહેવાય છે. મુંબઈની પોલિસ પીળી પાઘડીથી તરત ઓળખાય છે. પોલિસોનો ઉપરી **પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ** કહેવાય છે, ને બધાનો વડો **પોલિસ કમિશ્નર** હોય છે. કોર્ટ, ત્રણ પ્રકારની હોય છે: (૧) પોલિસ કોર્ટ (૨) સ્મોલ કૉઝ કોર્ટ, અને (૩) હાઇકોર્ટ. પોલિસ કોર્ટમાં **ચીફ પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ** હોય છે. તે ચોરી, મારામારી વગેરેના દાવા ચુકવે છે ને બીજા પ્રકારની કોર્ટમાં ન્યાયાધીશ હોય છે. તેઓ **ચીફ જડ્જ** કહેવાય છે. તેઓ પૈસા વગેરેના મોટા દાવાઓ ચુકવે છે. હાઇકોર્ટમાં ઈલાકાના દાવાઓ ચુકવાય છે. શાળાઓ ઉપર દેખરેખ રાખનાર સરકારી **અધિકારી એજ્યુકેશનલ** ઇન્સ્પેકટર (મુંબઈ વિભાગના) સાહેબથી ઓળખાય છે.

* **મ્યુનિસિપલ વ્યવસ્થા**–મુંબઈ મોટું શહેર છે, અને તે મુંબઈ ઇલાકાની રાજધાની હોવાથી ત્યાં ગવર્નર (હાલમાં સર-રોજર **લુમલી**) સાહેબ રહે છે. મુંબઈમાં ૪૦ હજાર ઉપરાંત

* સને ૧૯૩૯થી મ્યુનિસિપલ બંધારણ નવું થશે.

ઘરો છે. વસ્તી પણ બહુ છે. મોટાં શહેરમાં દીવાબત્તી, નળ, સારા ધોરી રસ્તા, શહેરની સ્વચ્છતા અને લોકોની સુખાકારી જાળવવાની જરૂર છે. તેની ગોઠવણ (વ્યવસ્થા) કરવાને સરકારે દશ હજારથી વધુ વસ્તીવાળા શહેરને સ્વરાજ જેવા હકો આપેલા છે. એટલે તે શહેરની પ્રજાજ તે શહેરનો કારભાર ચલાવે છે. કારભાર ચલાવવાને પ્રજામાંથી સારાં કામ કરી શકે એવાને લોકો ચૂંટી કાઢે છે. મુંબઈમાં ૧૧૨ માણસની ચૂંટણી ત્રણ વર્ષે થાય છે. તેમાં (૮૬) લોકોના ચૂંટેલા અને બાકીના સભાસદોમાં સરકાર તરફથી (૧૮), કામદાર સંસ્થા તરફથી (૪), વેપારી વર્ગ તરફથી (૩), તથા યુનિવર્સિટિ તરફથી (૧) હોય છે. એવી સભા કોર્પોરેશનથી ઓળખાય છે. કોર્પોરેશન તેમાંથી લાયકાત ધરાવતા માણસને પોતાનો પ્રમુખ (પ્રેસિડેન્ટ) તરીકે ચૂંટે છે. તે આખી સભા પર ધ્યાન રાખે છે. કોર્પોરેશન નાની નાની કમિટિ બનાવી મુંબઈનો કારભાર ચલાવે છે. તે પૈકી સ્ટેન્ડીંગ કમિટિ અને સ્કૂલ્સ કમિટિ મુખ્ય છે. સ્ટેન્ડીંગ કમિટિમાં ૧૨ અને સ્કૂલ્સ કમિટિમાં ૧૬ સભાસદ હોય છે. સ્ટેન્ડીંગ કમિટિ મુંબઈનું આવક ખર્ચનું અંદાજપત્ર તૈયાર કરે છે. ને સ્કૂલ્સ કમિટિ કેળવણી ખાતાનું કામ કરે છે. મુંબઈ મ્યુનિસિપલના મુખ્ય અમલદાર કમિશ્નરથી ઓળખાય છે. સ્કૂલ્સ કમિટિના મુખ્ય અધિકારી સેક્રેટરી સાહેબથી ઓળખાય છે. તેમના હાથ નીચે *સુપ્રીન્ટેન્ડેન્ટો, લેડી સુપ્રીન્ટેન્ડેન્ટો, સુપરવાઈઝરો, વગેરે હોય છે. તેઓનું કામ શાળા ઉપર દેખરેખ રાખી વાર્ષિક પરીક્ષા લેવાનું હોય છે. અહીંઆ ચાર ધોરણ સુધીનું શિક્ષણ મફત અપાય છે. નિશાળોમાં મુખ્ય

* મરાઠી, ગુજરાતી, ઉર્દુ ત્રણે સાખ્ડના જુદા હોય છે.

ચાર ભાષાઓની નિશાળો વધારે છે, મરાઠી, ગુજરાતી, ઉર્દુ અને હિન્દી. એકંદરે ૩૫૦ ઉપર સ્કૂલો છે. તે ઉપરાંત ખાનગી સ્કૂલો, રાત્રિશાળા તેમજ ગ્રાન્ટ મેળવતી શાળાઓ ચાલે છે.

આ દરેક કામ માટે પૈસાની ખાસ જરૂર છે. ને તે માટે જનરલ કર, પાણી ઉપરનો કર, જાજરૂ, ગાડીઓ, બંબાઓ (આગ માટે)નો કર તેમજ માલ ઉપરનો કર વગેરે કર લેવાય છે. એનું ઉત્પન્ન એકંદરે ત્રણ કરોડનું છે; તેમ ખર્ચ પણ તેટલોજ છે. (વડોદરા રાજ્યના ઉત્પન્ન જેટલું)

હોસ્પિટલો—જે. જે. હોસ્પિટલ, ગોકળદાસ તેજપાળ (જી. ટી.) હોસ્પિટલ, હરકીશનદાસ હોસ્પિટલ, કિંગ એડવર્ડ મેમોરીયલ હોસ્પિટલ, કામા હોસ્પિટલ, પારસી જનરલ હોસ્પિટલ, યુરોપિયન જનરલ હોસ્પિટલ અને નાયર હોસ્પિટલ મુખ્ય છે.

ફૂટપાથ—મોટા રસ્તાઓ ઉપર માણસોને કાંઇ ઇજા ન થાય માટે બંને બાજુએ ઉંચી પાયરીઓ બાંધેલી હોય છે, તેનું નામ **ફૂટપાથ**. **છોકરાંઓએ ફૂટપાથ ઉપરજ ચાલવું કે જેથી ઇજા થાય નહિ.**

મુખ્ય રસ્તાઓ—કોલાબા રોડ, હોર્નબી રોડ, કાલબાદેવી રોડ, ગીરગામ રોડ, (વીઠ્ઠલભાઇ પટેલ રોડ,) પરેલ રોડ, વાલકેશ્વર રોડ, સાત રસ્તા, શિવ રસ્તા, લેડી જમશેદજી રોડ, સેંડહર્સ્ટ રોડ, વિન્સેન્ટ રોડ, લેમીંગ્ટન રોડ, મહમદઅલી રોડ, તાનસા પાઇપ રોડ.

દીવાઃ—ગ્યાસ તથા વિજળીની બત્તી દરેક જગાએ હોય છે. ખાપોલી આગળ વીજળી ઉત્પન્ન થાય છે અને ધારાવીમાં તેનો પાવરહાઉસ છે. ત્યાંથી શહેરમાં દરેકને પાવર મળે છે.

ગટરઃ—મુંબઈમાં વરસાદનું તથા દરરોજનું ગંદુ પાણી દરીઆમાં કાઢી નાંખવા કુવા કરતાં ઉંડી પાકી ગટરો બાંધેલી હોય છે તેથી મચ્છરનો ત્રાસ બહુ નથી. વરલી આગળ ગંદુ પાણી કાઢી નાંખવામાં આવે છે.

---

૧. મુંબઈની **રાજ્ય-વ્યવસ્થા** કેવા પ્રકારની છે?
૨. હોસ્પિટલથી શા શા ફાયદા થાય? ફુટપાથ એટલે?
૩. ગટર ન હોય તો શું નુકશાન થાય?
૪. વાક્ય પુરોઃ—ગીરગામરોડ હવેથી..............ઓળખાય છે.

પાઠ ૧૮

મુંબઈનું સામાન્ય વર્ણન [ચાલુ]

નળઃ—પાણીની દરેકને જરૂર એટલે અસલ ઘણાંખરાં શહેરો નદીકિનારે વસાવતા. નદી ન હોય ત્યાં તળાવો ખોદાવતા. હાલમાં દરેક શહેરમાં પાણી પુરૂં પાડવા નળની યોજના હોય છે. મુંબઈ દરીઆ કિનારે આવેલું હોવાથી તેમજ ઉંચા મકાનો અને ઘણી જ વસ્તી હોવાથી ઠેઠ ૬૦ માઈલ દૂરથી નળવાટે પાણી પુરૂં પાડવામાં આવે છે. એ માટે **તાનસા, તુળસી, વિહાર** અને **પવાઈ** નામનાં મોટાં તળાવો સરકારે ખોદાવેલાં છે. તાનસા નદી આગળ સને ૧૮૯૧માં બંધ બાંધી તળાવ બંધાવ્યું હતું. તે બંધ ૯૮૦૦ ફૂટ ઉંચો છે. માણસ કરતાં ઉંચા પાઈપો વડે તેને મલબારહીલ+ તથા ભંડારવાડા હીલ×ની ટાંકીમાં ભેગું કરી ત્યાંથી આખા શહેરમાં પાણી પહોંચાડવામાં આવે છે.

બંબાખાનાઃ—આગ લાગે ત્યારે બચાવ માટે ઊંચી સીડી-વાળા મોટરબંબાઓ દરેક વૉર્ડમાં રાખેલા છે અને તેની મુખ્ય જગ્યા ભાયખલા બ્રીજ આગળ છે. દરેક મોટા રસ્તા પર એક કાચવાળી લાલ પેટી રાખેલી હોય છે. જ્યારે આગ લાગે ત્યારે તેનો કાચ તોડી હેન્ડલ ફેરવવાથી ત્યાં બધા બંબાઓ આવી પહોચે છે; અને તરત બધે નળ ખુલ્લા કરી પાણીનો મારો ચલાવી આગ ઓલવી નાંખે છે.

જીમખાનાઃ—રમત રમવાને એકઠા મળવાના સ્થળને જીમ-ખાનું કહે છે. ચર્નીરોડથી કોલાબા સુધી દરીઆ કિનારે એવાં ઘણાં જીમખાનાં આવેલાં છે. તેમાં બોમ્બે જીમખાનું મુખ્ય છે. એમાં ટેનિસ, ફુટબોલ, હોકી, ક્રિકેટ વગેરે રમતો રમાય છે. રેકલેમેશન ઉપર બ્રેબોર્ન સ્ટેડીયમ બંધાયું છે.

વર્તમાનપત્ર અને લાયબ્રેરી—મુંબઈ સમાચાર, હિન્દુસ્તાન અને પ્રજામિત્ર, સાંજ વર્તમાન, જન્મભૂમિ, ગુજરાતી વગેરે ગુજરાતી ભાષાના પત્રો છે. લોકમાન્ય, નવાકાળ (મરાઠી), ટાઈમ્સ ઓફ ઈન્ડીઆ, બોમ્બે ક્રોનીકલ, સેન્ટીનલ વગેરે (અંગ્રેજી). મુંબઈમાં લોકોને વાંચવા સારૂ ઠામ ઠામ લાયબ્રેરીઓ હોય છે. તેમાં વર્તમાનપત્રો ઉપરાંત દરેક ભાષાનાં પુસ્તકો તથા માસિકો વાંચવાને મળે છે. તેમાં ટાઉનહોલમાં આવેલી રૉયલ એશિયાટિક સોસાયટીની લાયબ્રેરી, યુનિવર્સિટીની લાયબ્રેરી, સાસુન લાયબ્રેરી, પીટીટ લાયબ્રેરી, વાડીઆ લાયબ્રેરી તથા કાળકાદેવી પરની મારવાડી લાયબ્રેરી મુખ્ય છે. બીજી નાની લાયબ્રેરીઓ દરેક લત્તામાં હોય છે.

+તુગારી અને તાનસાનું. ×વિહાર અને તાનસાનું.

ટેલીફોન:—વીજળીના પાવરથી ચાલતું વાતચીત કરવાનું યંત્ર.




આ યંત્રથી દૂરના દેશ સાથે તરત વાતચીત કરી શકાય છે, અણધારી આફત વખતે ખબર આપી શકાય છે; વેપારને તો બહુ જ મદદ કરે છે: ઘરમાં બેઠાં બેઠાં વાતો કરી શકાય છે. લડાઈ વખતે આ યંત્ર બહુ જ કામનું છે.

રેડીઓ:—ટેલીફોન માટે દરેક સ્થળે તાર નાખવા પડે છે, પણ વગર તારે દૂરની વાત આ યંત્રથી સાંભળી શકાય છે. એ માટે ઘરના છાપરા પર એક તાર બાંધેલો હોય છે, તે તાર સાથે ઘરમાં એક વીજળીથી ચાલતું યંત્ર ગોઠવેલું હોય છે. તેથી દૂરના ભાષણ, ગાયનો, વેપારના ભાવતાલ વગેરે સંભળાય છે, પણ ટેલીફોન માફક પાછો જવાબ આપી શકાતો નથી.

૧. નળમાં ઉંચે પાણી શાથી ચઢતું હશે? રેડીઓ એટલે?
૨. છાપું વાંચવાથી શો ફાયદો થાય? બંબા ન હોય તો?
૩. ટેલીફોનનો ઉપયોગ કહો. તમને કઈ રમત રમવી ગમે છે?
૪. વાક્ય પુરૂં કરો:—
લડાઈ વખતે..............................કામનું છે.



મુંબઈ શહેરની ભૂગોળ



આ પ્રમાણે કાગળ પર નકશો બનાવો.


પાઠ ૧૯

મુંબઇનું સામાન્ય વર્ણન [ચાલુ]

મુંબઇનાં રેલ્વે સ્ટેશનો:—

	બી. બી. રેલ્વે	જી.આઈ.પી.રેલ્વે	હાર્બર બ્રાન્ચ રેલ્વે	
૧	ચર્ચગેટ	બોરીબંદર	બોરીબંદર	
૨	મરીન લાઇન્સ	મસજીદ	મસજીદ	
૩	ચનીરોડ	સેંડહર્સ્ટરોડ	સેંડહર્સ્ટરોડ	
૪	ગ્રાંટરોડ	ભાયખાલા	ડૉકયાર્ડરોડ	
૫	બોમ્બે સેન્ટ્રલ	ચીંચપોકલી	રે રોડ	
૬	મહાલક્ષ્મી	કરી રોડ	કૉટન ગ્રીન	
૭	લોઅર પરેલ	પરેલ	શીવરી	
૮	એલ્ફીન્સ્ટનરોડ	દાદર	વડાલારોડ	
૯	દાદર	માટુંગા		
૧૦	માટુંગા	શીવ	માટુંગા	કોલીવાડા
૧૧	માહીમ		માહીમ	કુર્લા
			વાંદરા.	

બોરીબંદરથી હાર્બર બ્રાન્ચ વાંદરા અને કુર્લા સુધી જાય છે, બોરીબંદરનું બીજું નામ વિક્ટોરીઆ ટર્મિનસ છે. જી. આઈ. પી. રેલ્વેનો માલ વાડીબંદર અને બી. બી. રેલ્વેનો માલ કર્નાક બંદર મારફતે જાય છે.



બોમ્બે સેંટ્રલ સ્ટેશન

નજીકનાં સ્ટેશનો:—

બી. બી. રેલ્વે:—માટુંગા, દાદર, એલ્ફીન્સ્ટન રોડ.

જી. આઇ. પી. રેલ્વે:-માટુંગા, દાદર, પરેલ.

આગગાડી કયાંથી આવે છે તે જાણવાને આગગાડી પરના બોર્ડ અથવા પ્લેટફોર્મ ઉપરનું ટાઇમટેબલનું બોર્ડ જોવું.

---

* ટ્રામની શોધ પ્રથમ **ન્યુયોર્ક**માં **ટ્રેઈન** નામના માણસે ઇ. સ. ૧૮૫૦માં કરી. પહેલાં **ઘોડા** જોડવામાં આવતા. હવે વીજળીની ગાડીના માફક ચાલે છે. જે સ્થળે ઉભી રહે ત્યાં થાંભલા ઉપર **બોર્ડ** હોય છે. ક્યાં જવાની તે જાણવા માટે ટ્રામનો નંબર તથા બોર્ડ જોવું. ટિકિટમાં સ્ટેશનના નામ હોય છે. (જુઓ પાસેનો કોઠો)

---

૧. મુંબઈની રેલ્વે ગણાવો. નકશો બનાવી સ્ટેશનના નામ લખો.

૨. પ્રથમ ટ્રામની શોધ કોણે કરી? પહેલાંની અને આજની ટ્રામમાં ફેર શો? તમે બોરીબંદર જોયું છે? બોમ્બે સેન્ટ્રલ જોયું છે?

નંબર	ક્યાંથી	ક્યાં સુધી	કયે રસ્તે થઈને
૦	મ્યુઝીયમ	સાસુનડૉક	કોલાબા કૉઝવે
૧	દાદર	મ્યુઝીયમ વેસ્ટ	પરેલ, કાલબાદેવી
૨	રાણીબાગ બેલાસીસરોડ	(સાંજે) મ્યુઝીયમ (સવારે) વેસ્ટ	પરેલ, કાલબાદેવી પરેલ, કાલબાદેવી
૪	લાલબાગ સવારે દાદર (સાંજે)	જ. પોસ્ટ ઓફીસ મ્યુઝીયમ વેસ્ટ	મહમદઅલી રોડ પરેલ, મહમદઅલીરોડ
૫	કીંગસરકલ	મ્યુઝીયમ વેસ્ટ	સુપારીબાગ, મહમદઅલી રોડ
૬	દાદર	મ્યુઝીયમ વેસ્ટ	પરેલ, ગીરગામ
૭	લાલબાગ સવારે પરેલ (સાંજે)	બોરીબંદર મ્યુઝીયમ વેસ્ટ	પરેલ, ગીરગામ
૮	ઓપેરા હાઉસ	ફ્લોરા ફાઉન્ટન	ગીરગામ, એસ્પ્લેનેડ રોડ
૧૦	મઝગામ	ગોવાલીયા ટેન્ક	બાબુલાટેન્ક રોડ, ગ્રાન્ટરોડ
૧૨	સી.પી.ટેન્ક	જેકબ સર્કલ	ડંકન રોડ, રીપનરોડ
૧૩	તારદેવ	મ્યુઝીયમ ઇસ્ટ	અબ્દુલરહેમાનસ્ટ્રીટ, ક્રાફર્ડ માર્કેટ
૧૬	ગોવાલીયા ટેન્ક	મ્યુઝીયમ ઇસ્ટ	અબ્દુલરહેમાનસ્ટ્રીટ, "
૧૯	બેલાર્ડપીયર	સેંડહર્સ્ટ બ્રીજ	વાડીબંદર, ડોંગરીસ્ટ્રીટ
૨૦	ધોબીતલાવ	વાડીબંદર	કર્નાકરોડ, ક્રાફર્ડમાર્કેટ
૨૧	સેંડહર્સ્ટ બ્રીજ	ટાંકબંદર	ડોંગરી, વાડીબંદર, ડોકયાર્ડ

પાઠ ૨૦

મુંબઈનું સામાન્ય વર્ણન [ચાલુ]

મુખ્ય પોષ્ટ ઓફિસો અને નંબરો:–(૧) જનરલ પોષ્ટ ઓફિસ કોટ (૨) કાલબાદેવી (૩) માંડવી (૪) ગીરગામ (૫) કોલાબા (૬) મલબારહીલ (૭) ગ્રાંટરોડ (૮) ભાયખલા (૯) ઉંમરખાડી (૧૦) મઝગામ (૧૧) જેકબસર્કલ (૧૨) પરેલ (૧૩) ફર્ગ્યુશનરોડ (૧૪) દાદર (૧૫) શિવરી (૧૬) માહીમ (૧૭) ધારાવી (૧૮) વરલી (૧૯) માટુંગા (૨૦) વાંદરા (૨૧) ખાર (૨૨) સીવ.

એ સિવાય બીજી નાની બ્રાન્ચો પણ ઘણી છે; તેના નંબર નથી. વાંદરા અને ખારની પોષ્ટ મુંબઈમાં ગણાય છે.

તાર–બહાર ગામના કાગળો આપણને પોષ્ટથી તરત મળે છે, પણ તેના કરતાં જલદી ખબર તારથી મળી શકે છે. જનરલ તાર ઑફિસ કોટમાં રાણીના પુતળા પાસે આવી છે. શહેરમાં એની બીજી બ્રાન્ચો ઘણી છે.

ટ્રામ્વે કંપનીની મોટર-બસ (આમ્ની બસ):–

૧. A અફગાન ચર્ચથી માહીમ સુધી.

૨. B બેલાર્ડપિયરથી તારદેવ, બીજી બેલાર્ડપિયરથી વૉર્ડનરોડ

૩. C કોલાબા પોષ્ટ ઑફિસથી ચર્ચગેટ સ્ટેશન.

૪. D લાલબાગથી વરલી અને કોલાબા પોષ્ટ ઑફિસથી વરલી.

૫. E મલબારહીલથી મ્યુઝીયમ.

૬. F કેડલરોડથી ઇલેક્ટ્રીક હાઉસ.

૭. G ....

૮. H મલબારહીલથી સી. પી. ટેંક બીજી ઈલેકટ્રીક હાઉસથી અફગાન ચર્ચ.

૯. I વરલી વિલેશથી પરેલ ટ્રામ ટરમીનસ સુધી.

૧૦. J દાદર રેલ્વે સ્ટેશનથી કીંગસર્કલ.


૧૧. K કફ પરેડથી રાણીબાગ

---

૧. તારથી શા શા લાભ થાય?

૨. ટ્રામ તથા બસ ક્યાં ક્યાં જાય છે તે શી રીતે જાણવું?

: મુંબઇ વોર્ડવાર વર્ણન :



પાઠ ૨૧

એ વોર્ડ : કોટ

દ્વીપકલ્પ—કોલાબાનો.


ભૂશિર—કોલાબાની.

સ્ટેશન—ચર્ચગેટ (બી.બી. રેલ્વે)

બોરીબંદર (જી.આઈ.પી.રેલ્વે)

બંદરો—પાલવાબંદર, વિકટોરિયા બંદર, આર્થરબંદર, એપોલો બંદર, મોદી બંદર.

મુંબઈ શહેરની ભૂગોળ



ટ્રામ તથા મુખ્ય રસ્તાઓનો નકશો

ગોદી—સાસુન ડોક, વિકટોરિયા ડોક, ગવન્મેંન્ટ ડોકયાર્ડ.

હવાખાવાનાં સ્થળો—એપોલો બંદર, ચર્ચગેટ, મરીન લાઇન્સ અને કોલાબા રેકલેમેશન.

બીજાં સ્થળો:—

કોલાબાની દીવાદાંડી—વહાણો તથા આગબોટો રાતે ખડક સાથે ન અથડાય માટે ત્યાં ફરતો દીવો રાખ્યો છે.

ફ્લોરા ફાઉન્ટન—અહીંનો દેખાવ બહુ સુંદર છે. બેંકોને લીધે અહીં ગીરદી બહુ રહે છે.

મ્યુઝીયમ—જુની વસ્તુઓ, મૂર્તિઓ, કારીગરીના નમૂના વગેરેનો ત્યાં સંગ્રહ છે. બગીચો જોવા જેવો છે. પાસે કાળા ઘોડાનું પુતળું આવેલું છે.

રાજાબાઇ ટાવર—૨૮૦ ફૂટ ઊંચો મિનારો છે. તે સને ૧૮૬૪માં પ્રેમચંદ રાયચંદે પોતાની માતુશ્રી રાજાબાઇની યાદગીરીમાં બંધાવ્યો હતો. ઉપર ચારે બાજુ ઘડિયાળ છે. તેમાં ૫ા ૫ા કલાકે ટકોરા થાય છે. ઉપર જવાને ૨૮૨ પગથિયાં છે.


વેધશાળા—સને ૧૮૩૧માં બાંધવામાં આવી છે. અહીં તારાની ગતિ, હવામાં થતું તોફાન, ઘડિયાળોના ટાઇમ, ધરતીકંપ વગેરે જાણવાનાં યંત્રો ગોઠવેલાં છે. યંત્રો વડે દિવસે પણ તારા દેખાય છે.

હાઇકોર્ટ—જોવા જેવું મકાન છે. ત્યાં મોટા દાવા ચૂકવવામાં આવે છે. આખા ઇલાકાની વડી અદાલત ગણાય છે.

ટાઉન હોલ—મોટી મોટી સભાઓ અને પ્રદર્શનો ભરવાને ઉપયોગમાં આવે તેવું જુનું જાહેર મકાન છે. એ મકાન સને ૧૮૨૧માં બંધાયું હતું.

ક્રાફર્ડ માર્કેટ–ત્યાં ફળફૂલ તેમજ સર્વ જાતની વસ્તુઓ મળે છે. સઘળી જાતના લોકોની મેદની અહીં ભરાય છે. અહીં પણ ઘડિયાળવાળો ટાવર છે.

જનરલ પોષ્ટ ઑફિસ–મોટા ઘુમટવાળું ભવ્ય મકાન છે. આ મકાન લગભગ ૧૦ વરસે બંધાઈ રહ્યું હતું.



રાજાબાઈ ટાવર : [મુંબઈ]

બોરીબંદર–(વિકટોરિયા ટર્મિનસ) હિંદુસ્તાનમાં મોટામાં મોટું સ્ટેશન છે. હિંદુસ્તાનનાં મોટાં શહેરોના ફોટાઓ, નકશી કામ, તથા માણસ કરતાં ઊંચાં ઘડિયાળ જોવા જેવાં છે. પૃથ્વીના

દરેક દેશના લોકો ત્યાં નજરે પડે છે. અહીંથી પુના તથા ઇગતપુરી સુધી વીજળીની ટ્રેન ચાલુ થઇ છે.

મ્યુનિસિપલ ઓફિસ—એમાં મ્યુનિસિપલ ઓફિસો છે. એનો એક મિનારો જાણે ગગનમાં ગયો હોય એવું જણાય છે. પાસે ફિરોજશાહ મહેતાનું પુતળું છે.

તાજમહાલ હોટેલ—એ આખા હિન્દમાં મોટામાં મોટી હોટેલ છે. દરેક જાતની ત્યાં સગવડ છે. રાજા મહારાજાઓ ત્યાં ઉતારો કરે છે.

એ સિવાય સર જે. જે. સ્કૂલ આફ આર્ટ્સ, સર કાવસજી જહાંગીર હોલ, ટંકશાળ, અલ્ફિન્સ્ટન કોલેજ, સેક્રેટરીએટ, બેંકોનાં મકાનો તથા યુનિવર્સિટી હોલ વગેરે જોવા જેવાં સ્થળો છે.

કોલાબામાં લશ્કરી થાણું છે. ત્યાં નાનું તોપખાનું રાખવામાં આવે છે. પારસી તથા યુરોપિયનોની વસ્તી વધારે છે. ઘણાં પુતળાંઓ આ વોર્ડમાં જોવા જેવાં છે.

---

૧. એ વોર્ડના પેટા ભાગ કયા કયા? નકશામાં બતાવો.

૨. કોટ નામ શા પરથી પડ્યું? બહારકોટ એટલે?

૩. જોવા જેવાં સ્થળો ગણાવો. બીજા વોર્ડ કરતાં એ વોર્ડમાં સુંદર મકાનો ઘણાં છે. શા માટે?

૪. બેંક એટલે શું? તમે કોઈ બેંક જોઇ છે? કઈ કઈ?

પાઠ ૨૨

બી. વોર્ડ : માંડવી

સ્ટેશન—મસજીદ (જી. આઇ. પી.)


બંદર—કર્નાકબંદર અને વાડીબંદર.

ગોદી—વિકટોરિયા ડોક, પ્રિન્સેસ ડોક, અને એલેકઝાંડ્રા ડોક.

બીજાં સ્થળો—ચકલો, માંડવી આગળના બજારો. ડોંગરીની તુરંગ અને તેની અંદરનું નાના નિરાશ્રિત બાળકોનું કેળવણી તથા ઉદ્યોગગૃહ વગેરે. તુરંગ ફરતે ઊંચી દિવાલો ચણેલી છે. ખડકવાળો ભાગ સમુદ્રની સપાટીથી ઘણો ઊંચો છે. અહીંઆ ખોજા તથા મેમણોની વસ્તી વધુ છે.

આ વોર્ડમાં દાણાબંદર, ભાતબજાર, ખારેકબજાર, ખાંડબજાર, કરીઆણા બજાર વગેરે ખાધખોરાકીના બજારો આવેલાં છે. બજારોમાં હંમેશ ખટારાની બહુ જ ધમાલ હોય છે.

જકરીઆ મસીદની બાંધણી જોવા જેવી છે. બંદરો પર માલ ચઢઉતર થાય છે, તે જોવાની બહુ રમૂજ આવે છે. માલ ઉતારવાનાં ક્રેઇન (ઊંટડાં) રાક્ષસ જેવાં લાગે છે.



રાણી બાગનો એક દેખાવ—મુંબઇ.

સી વૉર્ડ : ભૂલેશ્વર


સ્ટેશન—મરીનલાઇન્સ (બી. બી. રેલ્વે)

માર્કેટ—ભૂલેશ્વર તથા નળબજાર માર્કેટમાં શાકભાજી, ફૂલફળ વગેરે મળે છે. એ સિવાય **મંગળદાસ, મૂળજી જેઠા, લક્ષ્મીદાસ ખીમજી,** અને **મોરારજી ગોકળદાસ માર્કેટ** (સ્વદેશી માર્કેટ) એ ચાર કાપડની મોટી માર્કેટો આ વૉર્ડમાં છે.


બીજાં સ્થળો—ભૂલેશ્વર આગળ માણસોની બહુજ ગીરદી હોય છે. અહીં ગુજરાતીઓની વસ્તી વિશેષ છે. હિંદુઓનાં મંદિરો ઘણાં છે. તેમાં **મંમાદેવીનું મંદિર, મોટું મંદિર, સ્વામી નારાયણનું મંદિર, ભૂલેશ્વર મહાદેવનું દહેરૂં, નરનારાયણનું મંદિર, કાલકામાતાનું મંદિર, વ્યંકટેશ ભગવાનનું** (બાલાજીનું) **મંદિર,** વગેરે જોવા જેવાં છે. પાસે **પાંજરાપોળ** જોવા જેવી છે. આ વૉર્ડને મંદિરોનો વૉર્ડ કહીએ તોપણ ચાલે. અહીં પરચુરણ માલનાં ગાડાંની ગીરદી બહુ રહે છે. **ઝવેરી બજારમાં** સોના ચાંદીની તથા ઝવેરાતની મોટી દુકાનો આવેલી છે. **તાંબાકાંટા** પર જાત જાતનાં વાસણોની મોટી દુકાનો આવેલી છે. **જુમામસીદ** તથા **સ્મોલ કૉઝ કોર્ટ** જોવા જેવાં છે. **સ્વદેશી માર્કેટમાં** હિંદની બનાવટની ચીજો મળે છે. **નળબજારમાં** શંકરનું ગોળ દહેરૂં આવેલું છે. (જુઓ ચિત્ર)

---


૧. મુંબઈ બેટનો નકશો દોરી **બી** અને **સી** વૉર્ડ બતાવો.
૨. બી અને સી વૉર્ડમાં જોવા જેવું શું શું છે ?
૩. ટ્રેઇનથી શો લાભ થતો હશે ?
૪. સી વૉર્ડને મંદિરોનો વૉર્ડ શા માટે કહ્યો ?
૫. તાંબાકાંટા અને ઝવેરી બજાર નામ શા પરથી પડયાં ?



ટાઉન હૉલ [કોટ] : મુંબઈ



તાજમહાલ હોટેલ




હાઈ કોર્ટ

પાઠ ૨૩

ડી વૉર્ડ : ગીરગામ

સ્ટેશન—ચર્નીરોડ, ગ્રાંટરોડ, મહાલક્ષ્મી (બી. બી. રેલ્વે).
ભૂશિર—વાલકેશ્વરની. ઉપસાગર—બેકબેનો.
ડુંગર—વાલકેશ્વરનો. દ્વીપકલ્પ—વાલકેશ્વરનો.

ટેકરીઓ—મલબારહીલ અને ખંભાલાહીલ.
હવાખાવાનાસ્થળો—ચોપાટી, મલબારહીલ ને મહાલક્ષ્મી.



બીજાં સ્થળો—બાબુલનાથનું દહેરૂં એ જોવા જેવું છે. એના ઉપરથી આખું મુંબઈ જોઈ શકાય છે. એનો દેખાવ બહુ જ સુંદર છે. પાસે હેંગીંગ ગાર્ડન (ઝુલાબાગ) કે ફિરોજશાહ બાગ ડુંગર ઉપર આવેલો છે. બાગ નીચે પાણીની ટાંકી છે. અહીં લોકો ફરવા આવે છે. ગવર્નર સાહેબનો* બંગલો

*રાત્રે લાલ અથવા લીલો દીવો હોય છે. દિવસે યુનિયનજેક હોય છે.

પાસેજ છે. મહાલક્ષ્મી માતાનું મંદિર—અહીં ઘણા લોકો દર્શનાર્થે આવે છે. નવરાત્રિ ઉપર મોટો મેળો ભરાય છે. રેસકોર્સનું (ઘોડાની શરત) મેદાન પણ બહુ મોટું છે. ચોપાટી ઉપર ગણેશ ચતુર્થી ઉપર બહુ ઠઠ જામે છે. ચર્નીરોડ સ્ટેશન પાસેથી મોટરો બહુ જ આવજા કરે છે. ત્યાં માણસોએ સંભાળવાની બહુ જ જરૂર છે. મહાલક્ષ્મી પર તોપખાનું છે. ઝુલાબાગ પાસે પારસીઓનું દોખમું આવેલું છે. સર હરકીશનદાસ હૉસ્પિટલમાં હિંદુઓ માટે ખાસ સગવડો છે. હીલ ઉપર ઘણા પૈસાદાર લોકો રહે છે. બાણગંગા આગળ ઘણા હિંદુઓ દર્શન માટે આવે છે.

મહાલક્ષ્મી, ગામદેવી અને વાલકેશ્વર ઉપર પૈસાદાર લોકોનાં સુંદર મકાનો આવેલાં છે ગીરગામ તરફ દક્ષિણી લોકોની, અને ખેતવાડી તથા ગ્રાંટરોડ તરફ પારસી લોકોની વસ્તી વધારે છે.

ઈ વૉર્ડ : ભાયખલા

સ્ટેશન—સેન્ડહર્સ્ટરોડ, ભાયખલા ને ડૉકયાર્ડરોડ(જી. આઈ પી.)

બંદર—મઝગામ અને ટાંકબંદર (બોમ્બે સેન્ટ્રલ બી. બી. રેલ્વે.)

ડુંગર—મઝગામ અને ભંડારવાડાની ટેકરી.

માર્કેટ—ભાયખલાની, ત્યાં શાકભાજી સસ્તાં મળે છે.

બીજાં સ્થળો-રાણીનો બાગ—દેશદેશનાં પશુપક્ષીઓ (મરેલાં અને જીવતાં) જાતજાતનાં ફૂલઝાડો, જાતજાતના નમુના, વગેરે જોવા જેવાં છે. પાસે ટાવર છે. જુના ને નવા મુંબઈના મોડેલ (નમુના) જોવા ચુકવું નહિ. હંસ, બતક ને બગલાં માટે પાણીથી બનાવેલા કુદરતી દેખાવ જોવા જેવો છે. (જુઓ પાનું ૫૫)

જે. જે. હૉસ્પિટલમાં મફત સારવાર થાય છે, ત્યાં ડૉક્ટરી લાઇનનું શિક્ષણ અપાય છે.

બંબાખાનું–ભાયખલા પૂલ પાસે છે. આગ લાગ્યાની પહેલી ખબર ત્યાં પડે છે. આ વૉર્ડમાં કેટલાંક જૈનોનાં દહેરાં આવેલાં છે. બોમ્બે સેંટ્રલ પાસે **નેશનલ** કૉલેજમાં ડોકટરી શિક્ષણ અપાય છે. જ્યાં હૉસ્પિટલ પણ છે. (નાયર હૉસ્પિટલ)

આ વૉર્ડ ખાડી પુરીને બનાવેલો હોવાથી બહુ નીચાણ પડતો છે. મહાલક્ષ્મી અને વરલી વચ્ચે હોર્નબી સાહેબે પોણો માઇલનો બંધ બંધાવી દરીઆનું પાણી અંદર આવતું અટકાવ્યું હતું. પછી આગળ જતા બધા ભાગમાં જમીનની પુરણી કરી સરખો કરી દેવામાં આવ્યો છે. ભાયખલા તરફ ખ્રિસ્તીઓની અને મદનપુરામાં મુસલમાનોની વસ્તી વધારે છે.

---

૧. મુંબઈનો નકશો બનાવી ડી અને ઈ વૉર્ડ બતાવો.
૨. એ બંને વૉર્ડમાં જોવા જેવું શું છે? ઝુલાબાગ અને બાબુલનાથ પરથી મુંબઈ કેવું દેખાય છે? તમે ત્યાં ગયા છો?
૩. રાણીના બાગમાં ખાસ શું શું જોવા જેવું છે?
૪. આ બંને વૉર્ડમાં કઈ કઈ હૉસ્પિટલ આવી છે? તેથી ફાયદો શો?
૫. ઘોડાની રેસ એટલે? ક્યાં રમાય છે?

પાઠ ૨૪
એફ વૉર્ડ : પરેલ

ભૂશિર:–શીવરીની.

સ્ટેશન:-ચિંચપોકલી, કરીરોડ, પરેલ, દાદર, માટુંગા, સીંવ (જી. આઈ. પી. રેલ્વે) લોઅરપરેલ, એલ્ફિન્સ્ટન રોડ, દાદર

(બી. બી. રેલ્વે) રે રોડ, કૉટન ગ્રીન, શીવરી, વડાલારોડ, કોલવાડા (હાર્બર રેલ્વે).

બીજી હકીકત:—આ ભાગમાં **મિલો** ઘણી છે. પરેલમાં **સર્પદંશ** ઉપર ઉપાય કરવાનું દવાખાનું છે. વડાલામાં મીઠાના અગરો છે. કિંગ **સરકલનો** ગાર્ડન જોવા જેવા છે. માટુંગામાં **જુના હનુમાનનું** દહેરૂં જોવા જેવું છે. પાસે **વિઠોબાનું** જુનું મંદિર છે. **વિકટોરિયા જ્યુબિલિ ટેકનિકલ** સ્કૂલ જોવા જેવી છે. દાદર, માટુંગા સીવના ભાગોમાં સુંદર રસ્તાઓ કર્યા છે. આ વૉર્ડમાં રેલ્વેનો ભાગ નજીક હોવાથી મુંબઈ આવવાને સવડ ઠીક છે. **પારસી કોલોની** તથા **હિન્દુ કોલોની** જોવા જેવી છે. **શીવરી** પર રૂનાં ગોદામો આવેલા છે. કિંગ **એડવર્ડ હૉસ્પિટલમાં** મફત સારવાર થાય છે. પાસે વાડિયા હોસ્પિટલ છે. બી. બી. રેલ્વે તથા જી. આઈ. પી. નાં **કારખાનાં** જોવાં જેવાં છે. **દામોદરદાસ ઠાકરસી હૉલમાં** સભાઓ ભરાય છે. દરેક જાતના તેલોની ટાંકીઓ આ વૉર્ડમાં છે.

માટુંગામાં મદ્રાસી અને કચ્છીઓની તથા દાદરમાં પારસી તથા દક્ષિણીઓની વસ્તી વધારે છે. પરેલ તરફ **મિલો** ઘણી એટલે મજુરોની વસ્તી વધુ નજરે પડે છે. ગોરધનદાસ સુંદરદાસ મેડીકલ કૉલેજમાં ડોકટરનું શિક્ષણ અપાય છે. કોટન એકસચેંજ બિલ્ડીંગ જોવા જેવું છે. કિંગ સર્કલ સુધી ટ્રામ તથા બસ જાય છે. રૂઈયા કૉલેજ તથા ખાલસા કૉલેજ નવી નીકળી છે.

૭ વૉર્ડ : માહીમ

ભૂશિર—મામાહાજીની અને વરલીની. **ડુંગર**—વરલીનો.
ઉપસાગર—માહીમનો. **ખાડી**—વાંદરાની.
સ્ટેશન—માહીમ, માટુંગા રોડ (બી. બી. રેલ્વે).
હવાખાવાનાં સ્થળો—માહીમનો દરીઓ, નવી ચોપાટી.

બીજાં સ્થળો—મકદુમઅલી પીરની દરગાહ, અહીં દર વર્ષે મોટો ઓરસ ભરાય છે. **માહીમનો હલવો** વખણાય છે.

૭ અને એફ વોર્ડમાં **ફરજિયાત શિક્ષણનો** કાયદો છે. એ બે વોર્ડની જમીન આખા મુંબઇથી અરધો અરધ છે, પણ વસ્તી બહુ નથી. કિનારે નાળિયેરનાં ઝાડો પુષ્કળ છે. માહીમમાં મુસલમાનોની વસ્તી વધારે છે. વળી ત્યાં જુના વખતનો નાનો કિલ્લો છે. માહીમ જુનું બંદર હતું. હાલમાં પણ વહાણમાં થોડોઘણો માલ આવે છે. જુના વખતમાં એ ભાગ **મહીકાવતીથી** ઓળખાતો. વરલી તરફનો ભાગ પુરી નાખી ત્યાં ગરીબો માટે મોટી મોટી સીમેંટની ચાલો બાંધેલી છે. પ્રભાદેવી તરફ કેટલીક મિલો આવેલી છે. વાડીઓમાં શાકભાજી સારાં થાય છે. વરલીમાં પાકા રંગનું કારખાનું નીકળ્યું છે.

---

૧. એફ અને ૭ વોર્ડના પેટા ભાગ કયા કયા?
૨. આ બે વોર્ડમાં ફરજિયાત શિક્ષણનો કાયદો શા માટે કર્યો હશે?
૩. **મહીકાવતી** નામ કયા ભાગને અપાયું છે?
૪. આ બે વોર્ડમાં જોવા જેવું શું શું છે? નકશો બનાવો.

પાઠ ૨૫

મુંબઇ—ચાદી રૂપ

સીમાઃ—ઉત્તરે વાંદરાની ખાડી અને મુંબઈ સબર્બન જિલ્લોઃ પશ્ચિમ અને દક્ષિણે અરબી સમુદ્ર; પૂર્વે સમુદ્રનો ભાગ, ઘારાપુરી અને ઉરણના બેટો.

દ્વીપકલ્પ—કોલાબા, વાલકેશ્વર અને વરલી.

ભૂશિર—કોલાબા, વાલકેશ્વર, વરલી, મામાહાજી અને શીવરી.

ડુંગર—મલબારહીલ, ખંભાલાહીલ, વરલીહીલ, શીવરી, મહાલક્ષ્મી અને ભંડારવાડાહીલ.

ખાડી—વાંદરાંની; કેટલાક માહીમની પણ કહે છે.

તળાવ—મંમાદેવી, બાણગંગા અને મહાલક્ષ્મીનું.

ઉપસાગર—બેકબે. **અખાત**—માહીમનો.

મેદાન—બેન્ડસ્ટેન્ડ, મરીન્લાઇન્સ, ચર્ચગેટ, ચોપાટી, શિવાજીપાર્ક, મહાલક્ષ્મી અને કોટ (આઝાદ મેદાન).

ગોદી—વિક્ટોરિયા ડૉક, પ્રિન્સેસ ડૉક, એલેકઝાંડ્રા ડૉક, સાસુન ડૉક, અને ગવર્નમેન્ટ ડૉકયાર્ડ.

બંદર—ક્રિઅરબંદર, પાલવાબંદર, મોદીબંદર, વાડીબંદર, કર્નાકબંદર, આર્થરબંદર.

જોવા જેવાં સ્થળો—સેક્રેટરીએટ, જનરલ પોસ્ટ ઑફિસ, મ્યુનિસિપલ ઑફિસ, બોરીબંદર સ્ટેશન, હાઇકૉર્ટ, દેવીડ સાસુન રેફરમેટરી સ્કૂલ, રૉયલ ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, રાજાબાઈ ટાવર, તાજમહાલ હોટલ, ટાઉન હોલ, તાડદેવ અંધશાળા, મ્યુઝિયમ, બોમ્બે સેંટ્રલ સ્ટેશન, બ્રેબોર્ન સ્ટેડિયમ, ન્યુ કૌંસિલ હોલ, મંમાદેવી, મહાલક્ષ્મી, વેધશાળા, ટંકશાળ, દીવાદાંડી, તોપખાનું,

પરેલ લેબોરેટરી, રે આર્ટ સ્કૂલ, વિકટોરિયા ટેકનિકલ ઈન્સ્ટીટ્યુટ, મહાલક્ષ્મી રેસ, શેર બજાર અને કોટન એક્ષચેંજ બિલ્ડીંગ.

હુરવા ફરવાની જગા—ચોપાટી, પાલવા બંદર, બેન્ડસ્ટેન્ડ, રાણીબાગ, ઝુલાબાગ, વરલીની નવી ચોપાટી.

હોસ્પિટલ—જે. જે. હૉસ્પિટલ, જી. ટી. હૉસ્પિટલ, હુરકીશનદાસ હૉસ્પિટલ, કિંગ એડવર્ડ મેમોરિયલ હૉસ્પિટલ, કામા હૉસ્પિટલ, પારસી જનરલ હૉસ્પિટલ, નાયર હૉસ્પિટલ.

મુખ્ય રસ્તા—કોલાબા રોડ, હોર્નબી રોડ, કાલબાદેવી રોડ, ગીરગામ (વીઠ્ઠલભાઈ) રોડ, પરેલ રોડ, વાલકેશ્વર રોડ, સાત રસ્તા, શીવ રસ્તા, લેડી જમશેદજી રોડ, સેંડહર્સ્ટ રોડ, લેમીંગ્ટન રોડ, મહુમદઅલી રોડ અને તાનસા પાઈપ રોડ.

રેલ્વે—(૧) બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વે. (૨) જી. આઈ. પી. રેલ્વે. (૩) હાર્બર બ્રાન્ચ રેલ્વે.

વોર્ડ અને પેટા વિભાગ :-

૧. A (કોટ) અપર કોલાબા, લોઅર કોલાબા, ઉત્તર કોટ, દક્ષિણ કોટ, એસ્પ્લેનેડ મેદાન.

૨. B (**માંડવી**) ચકલો, માંડવી, ઉમરખાડી, ડોંગરી.

૩. C (**ભૂલેશ્વર**) માર્કેટ, ફણસવાડી, ધોબીતળાવ, ભૂલેશ્વર, કુંભારવાડા, ખારાતળાવ.

૪. D (**ગીરગામ**) ખેતવાડી, ગીરગામ, ચોપાટી, વાલકેશ્વર, મહાલક્ષ્મી.

૫. E (**ભાયખલા**) તારદેવ, કમાટીપુરા, જુનો નાગપાડો, નવો નાગપાડો, તારવાડી, ભાયખલા, મઝગામ.

૬. F (પરેલ) ચીંચપોકલી, પરેલ, દાદર, શિવરી, માટુંગા, નાયગામ, સીવ.


૭. G (માહીમ) વરલી, અપર માહીમ, લોઅર માહીમ, ધારાવી.

---

૧. મુંબઈનો નકશો દોરી મુંબઈ યાદીરૂપે બનાવો.
૨. મુંબઈ જલદી જોવું હોય તો શું કરશો? ભૂલા પડો તો શું કરવું?
૩. તમારા દેશથી આવેલાંને મુંબઈમાં શું શું બતાવશો?
૪. મુંબઈમાં વખતસર કામ ન કરીએ તો શું નુકશાન થાય?

પાઠ ૨૬

મુંબઈ પરાં વિભાગ અથવા મુંબઈ સબર્બન જિલ્લો.



મુંબઈમાં વસ્તી વધવાથી તેની પાસેના સાષ્ટી બેટમાં ઘણા લોકો જઈને વસવા લાગ્યા, એટલે સરકારે બોરીવલીથી ઠેઠ મુલુંદ સુધીનો ભાગ સાષ્ટી તાલુકામાંથી જુદો પાડી એક જુદો વિભાગ કર્યો, તે મુંબઈ પરાં વિભાગથી ઓળખાય છે. અંબરનાથનો ભાગ પણ એ વિભાગમાં ગણેલો છે. ઉત્તર સાષ્ટી થાણા જિલ્લામાં ગણાય છે, ને દક્ષિણ સાષ્ટી આ વિભાગમાં ગણાય છે. મુંબઈ ડેવલપમેન્ટ ખાતાના અધિકારી આ વિભાગના કમિશ્નર છે. તેમના હાથ નીચે કલેકટર પણ છે. ડેવલપમેન્ટ ખાતું આ

વિભાગમાં ધમધોકાર સુધારો કરી રહ્યું છે. ઘોડબંદરરોડ અને આગ્રારોડની પાકી સડકો હોવાથી ગાડાં અને મોટરને સગવડ સારી મળે છે.

સીમા:–ઉત્તરે–ઉત્તર સાષ્ટીનો ભાગ, દક્ષિણે–મુંબઈ શહેર તથા સમુદ્ર. પૂર્વે–થાણાની ખાડી. પશ્ચિમે–અરબી સમુદ્ર.

કુદરતી રચના–આ વિભાગની જમીન ડુંગરાળ છે. દરીઆ કિનારાનો તથા ચેંબુર તરફનો ભાગ સપાટ છે. અહીં મુંબઈ કરતાં વરસાદ વધુ પડે છે.

ડુંગરો–કેનેરી, કુર્લા અને ભાંડુપ પાસે મોટા ડુંગરો છે.

પેદાશ–ડાંગર, શાકભાજી, નાળિયેર, કેરી, માછલાં અને મીઠું.

રેલ્વે–(૧) બી. બી. રેલ્વેનાં સ્ટેશનો–વાંદરા, ખાર, શાન્તાક્રુઝ, વીલેપારલે, અંધેરી, જોગેશ્વરી, ગોરેગામ, મલાડ, કાંદીવલી અને બોરીવલી.

(૨) જી. આઈ. પી. રેલ્વે–કુર્લા, ઘાટકોપર, વિક્રોલી, ભાંડુપ અને મુલુન્દ.

(૩) અંધેરીથી ચેંબુર સુધી નાની ગાડીનો ફાંટો છે.

તળાવ–વિહાર અને તુળસી એ બંને તળાવનું પાણી પરાંનાં શહેરોને પુરૂં પાડે છે.

: બીજાં સ્થળો :

વાંદરા–જિલ્લાના કલેકટર સાહેબ અહીં રહે છે. કોર્ટ તથા દવાખાનું છે. અહીં એક કતલખાનું છે. પૈસાદાર લોકોના બંગલા દરીઆ કિનારે આવેલા છે. શાકભાજી અને ફૂલની વાડીઓ ઘણી છે. મ્યુનિસિપલ ખાતાની સગવડ સારી છે. વાંદરેથી મુંબઈ લોકલ

દોડે છે. **સાન્તાક્રુઝમાં** પોદ્દાર હાઇસ્કૂલ શિક્ષણ માટે ઉત્તમ છે. અહીં દેશી લશ્કર રહે છે. જુહુ અહીંથી જવાય છે. **સાન્તાક્રુઝ** વાંદરા સાથે જોડાઇ ગયું છે.

અંધેરી—ઇસ્માઇલ કોલેજ આવેલી છે. મુંબઈ સુધી લોકલ દોડવાથી શહેરમાં વસ્તી સારી છે. દવાખાનું તથા મુન્સફ કોર્ટ છે. ત્યાં બજાર ભરાય છે. દૂધ તથા શાકભાજી મુંબઈ ચઢે છે. પાસે જોગેશ્વરીની ગુફા જોવા જેવી છે. એની સાથે વીલાપારલાને જોડી દીધું છે. જુહુ અને



વીલાપારલા વચ્ચે **વીમાનનું મથક** તથા વીમાની શિક્ષણની સ્કૂલ આવેલી છે.

વેસાવા તથા **જુહુ**—હવા ખાવાનાં ઠેકાણાં દરીઆ કિનારે આવેલાં છે. અહીં નાળિયેરીનાં ઝાડ પુષ્કળ છે.

બોરીવલી—અહીંથી મુંબઈ લોકલ દોડે છે. અહીંનો આકુસ વખણાય છે. અહીંથી કેનેરીની ગુફા ૭ માઇલ પર જોવા જેવી છે. ગુફાને દુનિયાના જુદા જુદા દેશના લોકો જોવા આવે છે. તેમાં ૧૦૮ ગુફા છે. અસલ તેમાં બૌદ્ધ સાધુઓ રહેતા. રવિવારે ઘણા લોકો સહેલ કરવા આવે છે. **કાંદીવલી** તથા **માલાડનાં** હવાપાણી સારાં ગણાય છે.

કુર્લા—અહીં કાપડની બે મોટી મિલો છે. ત્યાં દીવાસળીનાં કારખાનાં પણ છે. કુર્લાના બે ભાગ છે : જુનું અને નવું. શનિવારે અહીં ઢોરોનું બજાર ભરાય છે.

ઘાટકોપર—રવિવર્મા પ્રેસ તથા દીવાસળીનું કારખાનું જોવા જેવાં છે. મુંબઈના ઘણા વેપારીઓ અહીં રહે છે.

ચેંબુર—પાંજરાપોળ તથા બગીચાઓ માટે પ્રસિદ્ધ છે.

મુલુન્દ, ભાંડુપ, મનોરી બીજાં ગામો છે. પરામાંથી દૂધ, શાકભાજી, ફળફૂલ વગેરે મુંબઈમાં હંમેશાં આવે છે.

૧. આ વિભાગમાં જોવા જેવું શું શું છે? તમે ગુફાઓ જોઈ છે?
૨. આ જિલ્લાનો નકશો દોરી માંહે રેલ્વે બતાવો.
૩. અહીં લોકોની વસ્તી શાથી વધી હશે?

પાઠ ૨૭

... મુંબઈ ઈલાકો ...

સામાન્ય હકીકતઃ-

ઘણા પ્રાન્તો મળી ઇલાકો થાય છે. આપણો ઈલાકો મુંબઈ ઇલાકાથી ઓળખાય છે. મુંબઈ ઈલાકો હિન્દુસ્તાનનો એક મોટો વિભાગ ગણાય છે. આ ઈલાકો દરીઆકિનારે આવેલો હોવાથી ઘણા જુનાં સમયથી વેપાર માટે બહુ નામીચો છે. વેપારને લઇને खंभात. भरुच, सोपारा, संजाण એ છેક જુના બંદરો હતાં, ત્યારપછી सूरत અને वसई બંદર સ્થપાયાં. હાલમાં मुंबइ, ओखा અને कारवार પ્રસિદ્ધ બંદરો છે. આ સિવાય નાનાં બંદરો તો પુષ્કળ છે. વળી આ ઈલાકામાં નદીઓ પણ ઘણી હોવાથી વહાણોથી વેપાર સારો ચાલતો. બંદરને લઈને દેશપરદેશથી ઘણાં માણસો વેપાર માટે આવેલાં નજરે પડતાં. આથી પ્રદેશનો ઘણોખરો ભાગ આબાદ રહેતો. પ્રાચીન કાળમાં આ ઈલાકામાં ઘણાં રજપૂત રાજ્યો હતાં. ત્યાર પછી કેટલોક વખત કેટલોક ભાગ મુસલમાનોને તાબે ગયો. આથી અરબસ્તાન, ઈરાન વગેરે

દેશો તરફ વેપાર વધ્યો. મુસલમાનો પછી ફીરંગી લોકોના કબજામાં ઇલાકાનો ઘણોખરો ભાગ આવ્યો. ઇસ્વી સન ૧૭૩૯માં પેશ્વા સરકારે ફીરંગીઓને હરાવી તેમનું મોટું મથક વસઇ લઇ લીધું ને ઘણોખરો મૂલક તાબે કર્યો, ત્યારથી પેશ્વા કે મરાઠી રાજ્યને તાબે આ ઇલાકાનો ઘણો મૂલક આવ્યો. પેશ્વા તથા મરાઠા પાસેથી અંગ્રેજ સરકારે ઘણો મૂલક જીતી લીધો. હાલમાં ત્રણ રંગ આ ઇલાકામાં નજરે પડે છે.

ગુલાબી	પીળો	લીલો
અંગ્રેજ સરકારનો	દેશી રાજ્યોનો	ફીરંગીઓના (પોર્ટુગીઝોના)

૧. જુનામાં જુનાં બંદરો કયાં કયાં? નવાં કયાં કયાં?
૨. મુંબઈ ઇલાકાનો ટુંકમાં ઇતિહાસ કહો.
૩. મુંબઈ ઇલાકામાં ત્રણ રંગ શા માટે આપ્યા હશે?

પાઠ ૨૮

સામાન્ય વર્ણન

સીમા:—ઉત્તરે—સિંધ પ્રાન્ત અને રજપુતાના.

પૂર્વે—મધ્ય હિંદ એજન્સી, મધ્ય પ્રાંત, વરાડ અને નિઝામનું રાજ્ય.


દક્ષિણે—મ્હૈસુર પ્રાંત અને મદ્રાસ ઇલાકો.

પશ્ચિમે—અરબી સમુદ્ર.

ક્ષેત્રફળ:—૧૩૫ હજાર ચોરસ માઇલ-

વસ્તી:—આસરે ૨૧ કરોડ માણસોની.

કુદરતી રચનાનો નકશો – મુંબઈ ઈલાકો



કુદરતી રચના—આ ઈલાકાનો મોટો ભાગ અરબી સમુદ્રના કિનારા પર આવેલો છે. મહારાષ્ટ્રનો મોટો ભાગ ઉંચાણવાળો પ્રદેશ છે. ગૂજરાતનો કાંપને લીધે સપાટ, ને કચ્છ તરફના રેતાળ પ્રદેશથી જાણે છાપરાંના ઢાળ જેવો આ ઈલાકો છે. ગૂજરાતની પૂર્વનો, મહારાષ્ટ્ર અને કોંકણની વચ્ચેનો પ્રદેશ ડુંગરવાળો છે. એટલે નદીનાં વહેણ જુદી જુદી દિશાનાં છે. કૃષ્ણાની નહેરવાળો પ્રદેશ રસાળ છે. સાષ્ટીએટમાં મુંબઈ પરાંવાળો ભાગ તથા સુરત જિલ્લાનો દક્ષિણ ભાગ વાડીનો પ્રદેશ છે. ગૂજરાતમાં નદીઓ બહુ છે. ધોધ, નહેર, ઉના પાણીના કુંડ, ભૂતળ પર ફેરફાર

કરે છે. ધરતીકંપથી તો બહુજ ફેરફાર થાય છે. એ બધું આપણા ઈલાકામાં છે. જુઓ પાસેનો નકશો.

ભાષા:–કચ્છી, ગુજરાતી, મરાઠી અને કાનડી.

હવામાન અને વરસાદ–દરીઆનો ભાગ વધુ હોવાથી કિનારાના ભાગમાં તાપ ટાઢ બહુ લાગતાં નથી. અંદરના ભાગમાં ટાઢ તાપ લાગે છે. ઉત્તર કરતાં દક્ષિણના ભાગમાં તથા કોંકણ-પટીમાં વરસાદ બહુ પડે છે. કચ્છ તરફ વરસાદ બહુ નથી.

કુદરતી ભાગો:–કચ્છ, ગૂજરાત, મહારાષ્ટ્ર અને કાનડા.

રાજકીય વિભાગો:–

(૧) **ખાલસા મૂલક** (ગવર્નરને તાબે).

(૧) ઉત્તર વિભાગ. (૨) મધ્ય વિભાગ.

(૩) મુંબઈ પરાં વિભાગ. (૪) દક્ષિણ વિભાગ.

(૨) **દેશી રાજ્યોનો મૂલક** (વાઇસરૉયને તાબે)

વડોદરા સંસ્થાન, પશ્ચિમ હિન્દ સ્ટેટ્સ એજન્સી, ગૂજરાત સ્ટેટ્સ એજન્સી, પાલણપુર અને દાંતાના રાજ્યો, દક્ષિણ મરાઠા સ્ટેટ્સ એજન્સી.

(૩) **ફીરંગીઓનાં સ્વતંત્ર સંસ્થાનો.**

ડુંગરો:–શેત્રુંજો, પાવાગઢ અને આબુના.

પર્વતો:–ગિરનાર (કાઠિયાવાડમાં), સાતપુડા ને વિંધ્યાચળ (ગૂજરાતની પૂર્વે), સહ્યાદ્રિ (મહારાષ્ટ્રમાં)

નદીઓ:–

કાઠિયાવાડમાં:–શેત્રુંજી, ભાદર ને મચ્છુ.

ગૂજરાતમાં:—બનાસ, સરસ્વતી, સાબરમતી, મહી, નર્મદા, તાપી, મીંઢોળા, પૂર્ણા, અંબિકા, ઔરંગા, પાર ને દમણગંગા.

મહારાષ્ટ્રમાં:—ગોદાવરી, કૃષ્ણા, ભીમા ને નીરા.

દ૦ મહારાષ્ટ્રમાં:—તુંગભદ્રા, મલપ્રભા, ઘટપ્રભા ને વર્ધા.

ખાડી:—વાંદરાની, વસઇની, થાણાની, કલ્યાણની અને સંજાણની.

અખાતો:—કચ્છનો, ખંભાતનો અને માહીમનો.

દ્વીપકલ્પ:—કાઠિયાવાડ અને મુંબઇ શહેરનો.

ભૂશિર:—જગત પોઇંટ (દ્વારકા પાસે) ને દીવહેડ.

સરોવર:—ધાબર (ગૂજરાતમાં), તાનસા, તુલસી ને વિહાર (થાણા જિલ્લામાં).

રણ:—કચ્છનું.

ધોધ:—સુરપાણ, ગેરસપા અને ગોકાકનો.

મોટા કિલ્લા:—સિંહગઢ, રાયગઢ, તોરણા, પ્રતાપગઢ, વિશાળગઢ, અહમદનગર, વિજાપુર, બદામી.



મીઠાના અગર:—ધરાસણા, વડાલા, ભાંઈદર, વસઈ, કુર્લા, ઉરણ ને પેણ. ખારાઘોડામાં મીઠું પકવે છે.

૧. રાજકીય વિભાગ એટલે શું ? રાજકીય વિભાગ કયા કયા ?
૨. મુંબઈ ઈલકાનો નકશો બનાવી ભૂશિરો, રણ, ધોધ, દ્વીપકલ્પ, નદીઓ અને ડુંગરો બતાવો.
૩. મુંબઈ ઈલાકાની કુદરતી રચના સમજાવો.
૪. તમે કોઈ અગર જોયો છે ? ક્યાં ? કેવી રીતે બને છે ?

પાઠ ૧૪

સામાન્ય વર્ણન [ચાલુ]

બંદર:—માંડવી, ઓખા, બેડી, દીવ, વેરાવળ, ભાવનગર, મુંબઈ, રત્નાગિરિ, કારવાડ, ગોવા.

આયાત:—તૈયાર સામાન } જુઓ મુંબઈ શહેરના
નિકાશ:—કાચો માલ } વર્ણન પ્રમાણે.

પેદાશ:—કપાસ, કઠોળ, શેરડી ને તેલીબિયાં (ગૂજરાતમાં); ડાંગર તથા કઠોળ (કોકણ તથા મહારાષ્ટ્રમાં). એ સિવાય જુવાર, બાજરી, મકાઈ, સીંગ, તલ, કઠોળ, દરેક ભાગમાં થાય છે. ગૂજરાતમાં **આંબા**, મહારાષ્ટ્ર તથા ગિરનાં જંગલોમાં **સાગ**, અને દરીઆકિનારે **નાળિયેરીનાં** ઝાડો વધુ પ્રમાણમાં ઊગે છે. કોકણમાં ડુંગરો પર કાજુનાં ઝાડો થાય છે.

ઉદ્યોગ ધંધો:—આ ઇલાકામાં મુખ્ય ધંધો ખેતીનો છે. કેટલાંક ગામોમાં હાથસાળ પર જાડું કાપડ (હોટી) વણાય છે. ગૂજરાત, કચ્છના ઘણા લોકો વેપાર ખેડે છે. મહારાષ્ટ્રનો મોટો

ભાગ નોકરી અને મજુરી કરે છે. કૃષ્ણા તથા હાથમતીની નહે-
રોથી તે તરફ ખેતીનો પાક સારો થાય છે. અમદાવાદ, મુંબઈ




અને સોલાપુરમાં મિલોમાં પુષ્કળ સુતરાઉ કાપડ બને છે. સુરત, નાસિક અને પુનામાં રેશમી કાપડ બને છે. ધારવાડનું ખંડનું કાપડ પ્રસિદ્ધ છે. સુરત અને અમદાવાદમાં કસબી પટાઓ, કસબ, કીનખાબ વગેરે બને છે. શિહોર, પુના અને નાશિક તાંબા પિત્તળનાં વાસણ માટે પ્રસિદ્ધ છે. કચ્છનું સોનાચાંદીનું કોતરકામ વખણાય છે.

જાનવરો:—ગાય, ભેંસ, બકરાં, ઘેટાં, ઘોડા, ઊંટ, ગધેડાં, અને કુતરાં દરેક ઠેકાણે નજરે પડે છે. કચ્છમાં ઊંટ જણાય છે. કાઠિયાવાડમાં ઘોડા ને ભેંસ (જાફ-



પ્રાણી



રાબાદી) વખણાય છે. કોકણના ઘાટી બળદો બહુ મજબૂત હોય છે. વાઘ, દીપડા, વરૂ, સાપ જેવાં હિંસક પ્રાણીઓ જંગલોમાં નજરે પડે છે. દક્ષિણમાં મોટા અજગર તથા સાપ થાય છે. સિંહ ગિરનાં જંગલોમાં નજરે પડે છે. નગર હવેલીના ઘોડા વખણાય છે.

ખનિજ:–પોરબંદર તથા ધ્રાંગધ્રામાંથી પત્થર, આરાસુરમાંથી આરસ, રાજપીપળા સ્ટેટમાં અકીક, પંચમહાલ, બેલગામ ને ધારવાડમાંથી લોઢું અને ધારવાડમાંથી સોનું નીકળે છે.

રાજ્ય વ્યવસ્થા:–ગામડામાં પોલિસ પટેલ ને તલાટી. પેટા મહાલમાં મહાલકારી, તાલુકામાં મામલતદાર અને જિલ્લામાં કલેકટર હોય છે. તેના ઉપરી વિભાગના કમિશ્નર ને આખા ઈલાકાના ઉપરી ગવર્નરથી ઓળખાય છે. ગવર્નરની નીમણુંક પાંચ વર્ષ માટે શહેનશાહ છઠ્ઠા જ્યોર્જ કરે છે. સને ૧૯૩૫ના ગવર્નમેન્ટના નવા કાયદા મુજબ બે સભા હોય છે. (૧) લેજિસ્લેટિવ એસેમ્બ્લી (૨) લેજિસ્લેટિવ કૌન્સિલ. પહેલી સભામાં ૧૭૫ લોકોના ચૂંટેલા અને બીજીમાં ૩૦ સભાસદો હોય છે. પહેલી સભામાં કાયદો વગેરે પાસ થયા પછી બીજી સભામાં (ઉપલી સભા ગણાય છે.) પાસ થાય, કે ગવર્નર તેને બહાલી આપે છે. અને પછીજ અમલમાં આવે છે. ઉપલી સભામાં ૩–૪ સભાસદની નીમણુંક ગવર્નર કરે છે. લોકોના ચૂંટાયલા સભાસદોમાંથી ૭–૮ માણસનું પ્રધાનમંડળ બનાવવામાં આપે છે. તે દરેકને એક એક ખાતું સોંપેલું હોય છે.

વસ્તી ને ધર્મ:—હિન્દુ, મુસલમાન, પારસી ને ખ્રિસ્તી લોકોની વસ્તી છે. **હિન્દુઓ** શિવ, વિષ્ણુ ને દેવીને પૂજે છે. **મુસલમાનો** ઇસ્લામ ધર્મ પાળે છે. ને તેમાં શિયા અને સુન્ની એવા બે ભાગ છે. **પારસીઓ** અગ્નિપૂજક છે ને જરથોસ્ત ધર્મ પાળે છે. **ખ્રિસ્તીઓ** ઇસુ ખ્રિસ્તને માને છે. એ સિવાય જૈન લોકો જૈન ધર્મ પાળે છે. તેમાં પણ દિગંબર ને શ્વેતાંબર એવા બે ભાગો છે. તેઓ તીર્થંકરને પૂજે છે.



રસ્તા:—ઘણે સ્થળે પાકી સડકો બંધાવા લાગી છે.

જાત્રાનાં ઠેકાણાં:—દ્વારકાં, ડાકોર, સિદ્ધપુર, બહુચરાજી, અંબાજી, ઉનાઈ, નાશિક, ત્રંબક, પંઢરપુર, ગોકર્ણ (હિન્દુઓનાં); ઉદવાડા (પારસીઓનું); ગિરનાર, શેત્રુંજો (જૈનોનાં).

હવાખાવાનાં સ્થળો:—ડુમસ, તીથલ, દેવલાલી, નાશિક, માથેરાન, મહાબળેશ્વર, વગેરે.

રેલ્વે:—(૧) बी. बी. एन्ड सी. आई. रेल्वे (२) जी. आई. पी. रेल्वे (३) शाधर्न मराठा रेल्वे અને (४) रजपुताना माळवा रेल्वे.

વીરમગામથી કાઠિયાવાડમાં જવાને દરેક સ્ટેટની રેલ્વે આવેલી છે. આણંદથી રતલામ તરફ તેમજ સૂરતથી અમલનેર તરફ બી. બી. રેલ્વેના મોટા ફાંટાઓ છે. કલ્યાણીથી નાશિક તરફ એક ને બીજો ફાંટો પુના તરફ જી. આઈ. પી. રેલ્વેનો જાય છે. ગાયકવાડ સ્ટેટની પણ ઘણી રેલ્વે (નાના માપની) છે. મુંબઈથી પુના ને ઇગતપુરી સુધી વીજળીની ટ્રેન દોડે છે.

૧. મુંબઈ ઇલાકાનો નકશો પુઠામાં કાપી રેલ્વે બનાવો.
૨. કાગળ પર નકશો બનાવી તેમાં હવાખાવાનાં સ્થળ બતાવો.
૩. જાત્રાનાં ઠેકાણાં ક્યાં ક્યાં? પંઢરપુર ક્યાંથી જવાય?

પાઠ ૩૦

મુંબઈ—પરાં—વિભાગ.

સરકારે રાજવહીવટ ચલાવવા આ વિભાગ જુદો બનાવ્યો છે. તેનું વર્ણન આગળ આવી ગયું છે.


પાઠ ૩૧

ગૂજરાત અને ઉત્તર વિભાગ.

[ગુજરાતી ભાષા બોલનારાઓનો દેશ]

સીમા:—ઉત્તરે—કચ્છનું રણ, આબુ અરવલ્લીના ડુંગરો, મારવાડ; પૂર્વે—માળવા ને ખાનદેશ; દક્ષિણે—અરબી સમુદ્ર, કોકણ તથા મહારાષ્ટ્રનો ભાગ; અને પશ્ચિમે—અરબી સમુદ્ર.

ભૂમિ રચના:—આ વિભાગની જમીન સપાટ છે; છતાં ડુંગરોની આસપાસ જમીન ઊંચાણ પડતી છે. કચ્છના રણ


ઉત્તર વિભાગ
અને
ગુજરાત
વડોદરા
ભાવનગર
સુરત
જાફરાબાદ
મુંબાઈ
M. Patel

તરફ તથા કેટલોક કિનારો ખારપાટ જમીનનો છે, ત્યાં વનસ્પતિ ઊગતી નથી. ગિરનાર પર્વત ઉપર ગીચ જંગલો આવેલાં છે, કચ્છ તથા કાઠિયાવાડની જમીન ગૂજરાત કરતાં ઘણી વેરાન છે. ગૂજરાતની જમીન બાગાયતી છે, તેનું મુખ્ય કારણ નદીઓ છે.

ડુંગરો:—આરાસુર, પાવાગઢ, રાજપીપળાના ડુંગરો અને સહ્યાદ્રિનો ભાગ.

નદીઓ:—ખારી, વિશ્વામિત્રી, બનાસ, સરસ્વતી, સાબરમતી, મહી, નર્મદા, (૮૦૦), તાપી (૪૫૦), મીંઢોળા, પૂર્ણા, અંબિકા ને દમણગંગા.

આબોહવા:—ઉત્તરના ભાગમાં તાપટાઢ બહુ પડે છે. કિનારાની હવા સમધાત છે. મધ્ય ભાગમાં ઉનાળામાં તાપ પડે છે પણ કિનારે બહુ તાપ લાગતો નથી. પાણી પણ સારાં ગણાય છે. ગુજરાતના ઉત્તર ભાગમાં વરસાદ ઓછો અને દક્ષિણ તરફ તથા કિનારા પર વધારે પડે છે. થાણા જિલ્લાની હવા બહુ સારી નથી.

તળાવ:—નળ, કાંકરીઉં, ચંડોળા (અમદાવાદ પાસે), સરખેજનું (સરખેજ), મુનસર (વિરમગામ), મલાવ (ધોળકા), અને પાલન (સૂરત જિલ્લામાં).

વરસાદ, વનસ્પતિ, પાક:—ગુજરાતની ઉત્તરે ૨૦ થી ૩૦ ઇંચિ, મધ્યમાં ૩૦ થી ૪૦ અને દક્ષિણે ૫૦ ઇંચિ સુધી વરસાદ પડે છે. થાણા જિલ્લામાં ૧૦૯ ઇંચિ સુધી વરસાદ પડે છે: કારણ સહ્યાદ્રિ પર્વતનાં ઘાડાં જંગલો આવેલાં છે. આંબા, રાયણ, ખજૂરી, કેળનાં ઝાડો પુષ્કળ થાય છે. થાણા જિલ્લામાં સાગનાં પુષ્કળ ઝાડો થાય છે. કપાસ, તમાકુ, ગોળ, કેરી મુખ્ય પાક છે.

ઉત્તર વિભાગના જિલ્લા, રાજધાની અને શહેરો:—

(૧) **અમદાવાદ–अमदावाद,** વીરમગામ, ખારાઘોડા, ઘોઘા, ધોળકા ને ધંધુકા.

(૨) **ખેડા–खेडा,** કપડવંજ, ડાકોર, નડિયાદ, મહેમદાવાદ, આણંદ, વડતાલ, બોરસદ ને ઉમરેઠ.

(૩) **ભરૂચ–भरूच,** અંકલેશ્વર, જંબુસર, ભાડભૂત ને શુક્લતીર્થ. પંચમહાલમાં ગોધરા, દાહોદ, હાલોલ, કાલોલ ને ચાંપાનેર.

(૪) **સૂરત–सूरत,** વલસાડ, તીથલ, રાંદેર, ઓરપાડ, માંડવી, બારડોલી, જલાલપોર ને ચીખલી.

થાણા–थाणा, દહાણું, વસઈ, વિરાર, પાલઘર, કલ્યાણી, ભીમડી, શાહપુર અને મુરબાડ.

વિશેષ હકીકત:—આ વિભાગમાં ૧૧૫ ઉપરાંત મિલો છે, તેમાં અમદાવાદમાંજ ૭૮ મિલો છે. અમદાવાદમાં હઠીસીંગનું દહેરૂં, જુના વખતની મસીદો, ભદ્રનો કિલ્લો, કાંકરીઉં તળાવ, દાદાહરિની વાવ વગેરે જોવા જેવાં છે.



ખારાઘોડામાં વરાગડું મીઠું પાકે છે. ધોળકામાં દાડમ તથા સૂંઠ થાય છે. ગણદેવીનો ગોળ ને સૂંઠ વખણાય છે. ડાકોર ને દ્વારકાં રણછોડરાયના ધામ માટે પ્રસિદ્ધ છે. વડતાલમાં

સ્વામીનારાયણનું મંદિર જોવા જેવું છે. કપડવંજનાં સાબુ ને કાચકામ વખણાય છે. લસુંદ્રા, ટુવા, ઉનાઈ ને વજ્રાબાઈમાં ઊના પાણીના કુંડ છે. દાહોદ ઔરંગઝેબની જન્મભૂમિ છે. પાવાગઢનો કિલ્લો જોવા જેવો છે. પાવાગઢ પર કાળકામાતાનું મંદિર છે. ભરૂચ જિલ્લો રૂ માટે, ખેડા જિલ્લો તમાકુ માટે ને



સુરત જિલ્લો બાગાયતી પાક માટે (શેરડી, કેરી, પીંપર, વગેરે) પ્રસિદ્ધ છે. શુકલતીર્થ તથા ભાડભૂત પવિત્ર ધામ ગણાય છે. શુકલતીર્થ પાસે કબીરવડ જોવા જેવા છે. સુરત અસલ સારૂં બંદર હતું. ત્યાંનું જરીકામ તથા રેશમી કાપડ વખણાય છે. તીથલ, હજીરો ને ડુમસ હવાખાવાનાં ઠેકાણાં છે. વલસાડ પાસે પારનેરાનો કિલ્લો જોવા જેવો છે. થાણા જુનું શહેર છે. ત્યાંનો કિલ્લો તથા તુરંગ જોવા જેવાં છે. નર્મદા તથા વસાઈના પૂલ જોવા જેવો છે. વસાઈનો કિલ્લો જોવા જેવો છે. અંબાજી (આબુ) ને મહાલક્ષ્મી માતાનાં ધામ (દહાણુ) માટે પ્રસિદ્ધ છે.

થાણામાં ગાંડા માણસો માટેની હોસ્પિટલ છે. વસઈ, ભાંડુપમાં મીઠાના અગરો આવેલા છે. અગાસીમાં સુકાં કેળાં થાય છે.

---

૧. ઉત્તર વિભાગનો નકશો બનાવી તેમાં જિલ્લા તથા તેની રાજધાની બતાવો? બીજાં શહેરો પુરો.

૨. ઉત્તર વિભાગમાં જોવા જેવું શું શુ છે?

૩. અમદાવાદમાં ઘણી મિલો શાથી હશે?

૪. ગૂજરાત હિન્દુસ્તાનનો બગીચો શા કારણથી કહેવાતો હશે?

૫. દરેક જિલ્લાનો મુખ્ય પાક ગણાવો.

પાઠ ૩૨

દેશી રાજ્યો [પીળો રંગ]

ઉત્તર વિભાગની આસપાસ ઘણાં દેશી રાજ્યો આવ્યાં છે. તેના ત્રણ પ્રકાર પાડી શકાયઃ–

(૧) એજન્સીઓ	(૨) મોટી એજન્સી	(૩) મોટું દેશી રાજ્ય
(૧) ગૂજરાત સ્ટેટ્સ એજન્સી (૨) પાલણપુર દાંતાના રાજ્યો	(૩) પશ્ચિમ હિન્દ સ્ટેટ્સ એજન્સી	(૪) વડોદરા સંસ્થાનઃ ગાયકવાડનું રાજ્ય

૧. એજન્સીઓ વડોદરાના રેસિડેન્ટને તાબે છે અને તે તેઓના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ કહેવાય છે.

૨. પાલણપુર અને દાંતા ઉપર રજપુતાનાના એજન્ટ ટુ ધી ગવર્નર દેખરેખ રાખે છે.

૩. મોટી એજન્સીઓ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલને તાબે છે અને તેની નીમણુંક વાઇસરોય સાહેબ કરે છે. એ રાજકોટમાં રહે છે.

૪. વડોદરા રાજ્ય ઉપર સીધી વાઇસરોય સાહેબની દેખરેખ છે, અને તેની દેખરેખ માટે વાઇસરોય તરફથી એક રેસિડેન્ટ વડોદરામાં રહે છે.

ગૂજરાત સ્ટેટ્સ એજન્સી

રેવાકાંઠા એજન્સી

એમાં એકંદરે ૩૨ દેશી રાજ્યો છે, તે નર્મદા કાંઠાના રાજ્યના સમુહથી ઓળખાય છે.

राजपीपळा, छोटाउदेपुर अने बारीआ, लुणावाडा, संतरामपोर, अने वाडासीनोर.

વિશેષ હકીકત:—રેવા (નર્મદા) નદીની આસપાસનાં રાજ્યો તે પરથી **रेवाकांठा** નામ પડ્યું છે. આ એજન્સીમાંથી જાતજાતના પત્થર નીકળે છે. રાજપીપળા મોટું શહેર છે.

(૨) નર્મદાના દક્ષિણનાં રાજ્યો:—

એમાં એકંદરે ૫ રાજ્યો છે:—**सचीन, वांसदा, धरमपुर, डांग** અને **झवार** (થાણાજિલ્લામાં). આ પહેલાં સુરત એજન્સીથી ઓળખાતી. ઉપરની બંને એજન્સી વડોદરાના રેસિડેન્ટની દેખરેખ નીચે છે.

વિશેષ હકીકત:—સચીન સ્ટેટમાં **ડુમસ** ગામ છે, ત્યાંની હવા ઘણી સારી ગણાય છે. **વાંસદા** રાજ્યમાં **ઉનાઇ માતાનું** સ્થાન છે. ત્યાં ઊના પાણીના કુંડ છે. ડાંગના રાજ્ય પર મુંબઇ સરકારની દેખરેખ છે.

— ખંભાતનું રાજ્ય —

અમદાવાદ જિલ્લા પાસે નવાબી રાજ્ય આવેલું છે. તેની રાજધાની **ખંભાત** બહુ જૂના વખતથી જાણીતું છે. હાલમાં ત્યાં દરીઓ ખસી જવાથી બહુ વેપાર તો નથી, પરંતુ હજી ત્યાંનું અકીક કામ, શેતરંજી ને કઠોરીઆં લુગડાં વખણાય છે. વડોદરાના રેસિડેન્ટની દેખરેખ નીચે છે. ખંભાતમાં ૩ દિવાસળીની ફેક્ટરી છે.

....પાલણપુર અને દાંતાનાં રાજ્યો....

એમાં ત્રણ રાજ્યો મુખ્ય છે.

પહેલા વર્ગનું:—**પાલણપુર**

બીજા વર્ગનાં:—**દાંતા અને વિજયનગર**

વિશેષ હકીકત:—આ રાજ્યો પહેલાં મહીકાંઠા એજન્સીમાં આવેલાં હતાં. હવે તે રજપુતાના સ્ટેટ્સ એજન્સીના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલની દેખરેખ નીચે છે. પાલણપુર મુસલમાની રાજ્ય છે, તેની રાજધાની **પાલણપુર** છે. દાંતા સ્ટેટમાં હિંદુઓનું **અંબા** માતાનું પ્રખ્યાત ધામ આવેલું છે.

---

૧. ગૂજરાતના લોકો વેપારમાં કયા કારણથી હોંશિયાર ગણાતા હશે? વેપાર કરવો તે સારૂં કે નોકરી?
૨. ખંભાતનું બંદર શા કારણથી તૂટ્યું હશે?
૩. ઉનાઈ શા માટે પ્રસિધ્ધ છે? જાણવા જેવાં સ્થળો ગણાવો.

પાઠ ૩૩

— પશ્ચિમ હિન્દ સ્ટેટ્સ એજન્સી —

એના ચાર ભાગ પાડેલા છે: (૧) પશ્ચિમ કાઠિયાવાડ એજન્સી (૨) પૂર્વ કાઠિયાવાડ એજન્સી (૩) સાબરકાંઠા એજન્સી (૪) કચ્છ સ્ટેટ એજન્સી.

આ એજન્સીમાં ૧૯૩ દેશી રાજ્યો છે, તેમાં મુખ્ય રાજ્યો નીચે પ્રમાણે છે:—

भावनगर, पोरबंदर, गोंडळ, धांगध्रा, मोरबी, नवानगर, जुनागढ अने जाफराबाद.

આ એજન્સીના ઉપરી અધિકારી **એજન્ટ ટુ ધી** ગવર્નર જનરલથી ઓળખાય છે. તેઓ **राजकोट**માં રહે છે. દરેક એજન્સીમાં પોલિટિકલ એજન્ટ રહે છે. આ એજન્સીમાં **भादर** અને **शेत्रुंजी** બે મોટી નદીઓ છે. **गिर, गिरनार, बर्डा,** અને **शेत्रुंजा**ના ડુંગરો આવેલા છે. ગિરના જંગલમાં સિંહ નજરે પડે છે. ગિરનાર તથા શેત્રુંજાના પહાડ ઉપર ઘણાં સુંદર જૈનમંદિરો આવેલાં છે. દ્વારકા પાસે **बेट शंखोद्धार** નામે દ્વીપ આવેલો છે. આ પ્રાંતમાં વરસાદ બહુ પડતો નથી. આ પ્રાંતમાં દ્વારકાં, ઓખાબંદર, બેડીબંદર, પોરબંદર, જાફરાબાદ, દીવ અને ભાવનગર મુખ્ય બંદરો છે. હવે આખા કાઠિયાવાડના જુના ભાગો પ્રમાણે મુખ્ય રાજ્યની હકીકત જોઈએ.

(૧) પશ્ચિમ કાઠિયાવાડ સ્ટેટ્સ એજન્સી

હાલાર પ્રાન્ત

પહેલા વર્ગનાં:–**नवानगर, मोरवी** અને **गोंडळ.**

બીજા વર્ગનાં:–**वांकानेर, ध्रोळ** અને **राजकोट.**

એમાં નવાનગર અને રાજકોટ સુધારામાં આગળ પડતાં છે. જામનગરનાં કંકુ અને સુડી વખણાય છે.

ઝાલાવાડ પ્રાન્ત

પહેલા વર્ગનું:–**धांगध्रा.**

બીજા વર્ગનાં:–**वढवाण, लींमडी,** અને **वांकानेर.**

(૨) પૂર્વ કાઠિયાવાડ સ્ટેટ્સ એજન્સી

ગોહિલવાડ પ્રાન્ત

પહેલા વર્ગનું:–**भावनगर**

બીજા વર્ગનું:–**पालीताणा,**

ભાવનગરનું રાજ્ય આખા કાઠિયાવાડમાં આગળ પડતું છે, તેમજ ભાવનગર શહેર પણ આખા પ્રાન્તમાં મોટામાં મોટું છે. **પાલીતાણા** પાસે **શેત્રુંજા** ડુંગર ઉપર જૈનોનાં મુખ્ય દેરાસરો આવેલાં છે. **ભાવનગર સ્ટેટની** રેલ્વે આખા પ્રાંતમાં મોટી છે. **ભાવનગર** જોવા જેવું **શહેર છે.** રૂવાપુરી પાસે તેનું નવું બંદર બાંધ્યું છે. ભાવનગર રાજધાનીનું શહેર છે.

સોરઠ પ્રાન્ત

પહેલા વર્ગનું:–**पोरवंदर** અને **जुनागढ**

બીજા વર્ગનું:–**जाफरावाद.**



ગિરનાર ઉપરનો દેરાસરનો દેખાવ

જાફરાબાદનું રાજ્ય જંજીરાના નવાબને તાબે છે. પોરબંદરથી પત્થર બહાર ગામ બહુ ચઢે છે. જુનાગઢ રાજ્યમાં ગિરનાર ઉપરનો દેખાવ જોવા જેવા છે. ઉપર બહુ મંદિરો આવેલાં છે. ગિરનાર કાઠિયાવાડમાં મોટામાં મોટા પર્વત છે. ઉપરનાં મંદિરોનો દેખાવ આ ચિત્રમાં જુઓ.

(૩) સાબરકાંઠા સ્ટેટ્સ એજન્સી સમુહ—૧

તેમાં રાધનપુર, થરાદ અને વાવ મુખ્ય છે.

વિશેષ હકીકત:—આ એજન્સી ગવર્નર જનરલની દેખરેખ નીચે છે. રાધનપુર, મુજપુર અને ડીસા મુખ્ય ગામો છે.

સાબરકાંઠા સ્ટેટ્સ એજન્સી સમુહ—૨

આ એજન્સીમાં કુલ ૫૨ રાજ્યો છે. તેમાં ઇડરનું રાજ્ય મુખ્ય છે. આ એજન્સી પહેલાં મહીકાંઠાથી ઓળખાતી હતી.

વિશેષ હકીકત:—ઇડરમાં હિંદુ રાજ્ય છે. તેની રાજધાની **અમનગર** (હિંમતનગર) પાસેથી પત્થર નીકળે છે.

(૪) કચ્છ સ્ટેટ્સ એજન્સી [કચ્છીઓનો મૂલક]

આ રાજ્ય સમુદ્ર તથા કચ્છના રણ વચ્ચે આવેલું છે. વરસાદની તાણ હોવાથી ઘણા લોકો પરદેશ નીકળી ગયા છે. મુંબઇના ભાટીઆ ને લુવાણા કચ્છના છે. તેઓ વેપાર ખેડે છે. તેમાંના ઘણા તો લક્ષાધિપતિ છે. આ રાજ્યમાંથી ફટકડી, સુરોખાર તથા નકશીકામ વાળી સોનારૂપાની ચીજો પરદેશ ચઢે છે. એની રાજધાની **ભૂજ** મોટું શહેર છે, ત્યાં રાજાનો મહેલ જોવા જેવો છે. **કંથકોટ** તથા **માંડવી** બીજાં શહેરો છે. **માંડવી** મુંબઈ ઇલાકામાં ચોથા નંબરનું બંદર છે. ત્યાંના રાજા રાવથી ઓળખાય છે. કચ્છમાં ઉંટની ગાડી જોવામાં આવે છે.



---

૧. પશ્ચિમ હિન્દ સ્ટેટ્સ એજન્સીનો ઉપરી અધિકારી કોણ?

૨. પશ્ચિમ હિંદ સ્ટેટ્સ એજન્સીના મોટાં રાજ્યો ગણાવો.

૩. પોલિટિકલ એજંટ એટલે શું? જોવા જેવાં સ્થળો કહો.

૪. પુઠામાં કચ્છનો નકશો કાપી બતાવો. જાણવા જેવાં સ્થળો કહો.

પાઠ ૩૪

...વડોદરા સંસ્થાન...

આ ઈલાકામાં સીધું વાઇસરોયની દેખરેખ નીચેનું મોટું દેશી રાજ્ય માત્ર આ એકજ છે. આ રાજ્ય પાંચ ટુકડે અને ચાર પ્રાન્તમાં વહેંચાયલું છે. દરેક પ્રાન્ત દૂર દૂર હોવાથી આખા રાજ્યને જુદી જુદી ચીજોની તાણ પડતી નથી. વળી દરેક જાતની જમીન અને દરેક જાતની પ્રજા આ રાજ્યમાં નજરે પડે છે. ખૂબી તો એ છે, જે આ રાજ્યને દરીઓ લાગેલો હોવાથી દરિયાઇ વેપાર પણ સારો છે. હજી વધુ બંદરો ખોલવાની વકી છે. વિદ્યાની કેળવણી ફરજિયાત હોવાથી કોળી–ભીલ જેવી પ્રજા પણ કેળવાવા લાગી છે. વાઇસિરોય સાહેબ તરફથી રેસિડેન્ટ વડોદરે રહે છે. ક્ષેત્રફળ ૮૧૬૪ ચોરસ માઇલ અને વસ્તી લગભગ ૨૪ લાખ માણસની છે.

મુખ્ય ભાગો:–(૧) નવસારી પ્રાન્ત, (૨) વડોદરા પ્રાન્ત, (૩) મહેસાણા (કડી) પ્રાન્ત, (૪) અમરેલી પ્રાન્ત (ઓખા મંડળના મહાલ સાથે).

: મુખ્ય સ્થળો :

વડોદરા:–(૧૧૨૮૫૦) આ રાજ્યની રાજધાનીનું નગર છે. શહેરમાં કમિટિબાગ, લક્ષ્મીવિલાસ મહેલ, ન્યાય મંદિર, કોલેજો, નવલખી વાવ, સુરસાગર તળાવ, નજરબાગ વગેરે જોવાં જેવાં સ્થળો છે.



ડભોઈ:—અહીં જૂનો કિલ્લો જોવા જેવો છે.

વડનગર:—વડનગરા નાગરોનું મૂળ સ્થાન છે, પણ હાલમાં તેઓની ત્યાં વસ્તી નથી. હાટકેશ્વરનું દહેરૂં જોવા જેવું છે.

પાટણ:—ઈ. સ. ૭૪૫માં વનરાજે વસાવેલું પ્રાચીન શહેર છે. ત્યાં વનરાજની મૂર્તિ અને રાણીવાવ જોવા જેવી છે.

સિદ્ધપૂર:—માતૃશ્રાદ્ધ માટે હિન્દુઓનું પવિત્ર ધામ સરસ્વતી નદીને તીરે આવેલું છે. રૂદ્રમાળનાં ખંડેરો જોવા જેવાં છે. ઘણા હિન્દુઓ સ્નાન માટે અહીં આવે છે.

નવસારી:—પારસીઓ વધુ નજરે પડે છે. હવા સારી ગણાય છે. નવસારી પ્રાંત બાગાયતી જમીન માટે જાણીતો છે.

એ સિવાય **સોનગઢ, કર્નાલા, બહુચરાજી, ઉંઝા, કડી, વિસનગર, મહેસાણા** અને **ડભોઈ** જોવા જેવાં સ્થળો છે. **ઓખા** તથા **બીલીમોરા** બંદર છે. ધમડાછાની કેરી અને ગોળ પ્રસિદ્ધ છે.

વિશેષ હકીકત:—દરેક પ્રાન્ત પર દેખરેખ રાખનાર સુબા સાહેબના નામથી ઓળખાય છે. તેમના ઉપરી સરસુબા છે. તેમના

અધિકારી દિવાન સાહેબ છે. અને તેમના ઉપરી રાજ્યના રાજા ગાયકવાડ સરકાર છે. હાલના **મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડ** રાજ્ય કરે છે. પહેલાં પાલણપુર, કાઠિયાવાડ, સાબરકાંઠા, રેવાકાંઠા વગેરે રાજ્યો પર ગાયકવાડની હકુમત હતી. હાલમાં તેની લેણી ખંડણી અંગ્રેજ સરકાર પહોંચાડે છે.

---

૧. ગૂજરાતનો નકશો બનાવી વડોદરા રાજ્યના ભાગ બતાવો.
૨. એ રાજ્યમાં જોવા જેવાં સ્થળો કહો.
૩. વડોદરામાં જોવા જેવું શું શું છે? તમે ત્યાં ગયા છો?


પાઠ ૩૫

મધ્ય વિભાગ

[મરાઠી ભાષા બોલનારાઓનો મુલક]

સીમા:–ઉત્તરે–હોલ્કરનું રાજ્ય તથા ગૂજરાત; પૂર્વે–નિઝામનું રાજ્ય, તથા મધ્યપ્રાંત; દક્ષિણે–કોલ્હાપુર, ઔંધ અને જતનાં રાજ્યો; અને પશ્ચિમે–કોકણ.

ભૂમિરચના:–પશ્ચિમઘાટને લીધે આ વિભાગ કોકણપટીથી જુદો પડે છે. નાશિક ને અહમદનગર જિલ્લાની જમીન ઉંચાણ પડતી છે. કેટલીક જગ્યાએ સપાટ મેદાન આવેલાં છે. તેમજ ગીચ જંગલો પણ છે. કાળી જમીનમાં રૂ, કઠોળ, જુવાર, અળસી, વગેરે થાય છે. પુના ને નાશિકની આસપાસ બાગાયતી ચીજો પાકે છે, તેથી ત્યાંથી દ્રાક્ષ, શાકભાજી વગેરે મુંબઈ આવે છે. મોટા ઘાટો આ વિભાગમાં છે. સોલાપુર જિલ્લામાં વરસાદ બહુ પડતો નથી.



ડુંગર:—સાતપુડા અને સાતમાળા.

પર્વત:—સહ્યાદ્રિ. એમાં કળસુબાઈ નામનું શિખર આવેલું છે.

નદીઓ:—તાપી, ગોદાવરી, ગીરણા, મૂળામુઠા, **ભીમા** વગેરે.

આબોહવા:—ખાનદેશ જિલ્લાની જંગલના ભાગની હવા સારી નથી. અહમદનગર તથા **નાશિક** જિલ્લાની હવા સારી ગણાય છે. સોલાપુર જિલ્લામાં ટાપ ને ટાઢ બહુ પડે છે.

હવાખાવાનાં સ્થળો:—પંચગની, **નાશિક**, દેવલાલી, **લોનાવલા**, ખંડાલા ને મહાબળેશ્વર.

મધ્યવિભાગના જિલ્લા, રાજધાની અને શહેરો:-

(૧) પશ્ચિમ ખાનદેશ—**धुळीया** ને નંદરબાર.

(૨) પૂર્વ ખાનદેશ-**जळगांव** ને ભુસાવળ.

(૩) નાસિક—**नासिक**, દેવલાલી, ત્રંબક ને સિન્નર.

(૪) અહમદનગર— **अहमदनगर** ને ખર્ડા.

(૫) પુના—**पुना**, ખડકી, લોનાવાલા ને ખંડાલા.

(૬) સતારા—**सतारा**, મહાબળેશ્વર ને પંચગની.

(૭) સોલાપુર—**सोलापुर**, બાર્સી ને પંઢરપુર.

વિશેષ હકીકત:—**ધુળીયા** તથા **નંદરબાર**માં બાજરી તથા રૂનો વેપાર ચાલે છે. **ભુસાવળ** મોટું જંકશન છે. **નાશિક**, **ત્રંબક** ને **પંઢરપુર** હિન્દુઓનાં જાત્રાનાં ધામ છે. **અહમદનગર**માં જૂના વખતની મસીદો જોવા જેવી છે. ખર્ડા આગળ મરાઠાઓએ ઈ. સ. ૧૭૯૫માં નિજામને હરાવ્યો હતો. **પુના** પેશ્વા સરકારની રાજધાની હતી. આ વિભાગના કમિશ્નર સાહેબ અહીં રહે છે. ચોમાસામાં ઈલાકાના ગવર્નર સાહેબ પણ અહીં આવીને રહે છે. **કાર્લાની** ગુફા જોવા જેવી છે. **સતારા** મરાઠી રાજ્યની (સાહુ

રાજાની) રાજધાની હતી. **સોલાપુરમાં** કાપડની મિલો છે. **નાશિકમાં** દર ૧૨ વરસે મોટી જાત્રા ભરાય છે. રામકુંડ તથા પાંડવગુફા જોવા જેવાં સ્થળો છે. **સિન્નરમાં** ડાંગર, કેળાં, શેરડી અને પાન થાય છે. **ખડકીમાં** લશ્કરી છાવણી છે. **લોનાવલા** પાસે બંધ બાંધી મોટાં સરોવરના પાણીના બળ વડે **ખોપોલી** આગળ વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે, ને તેનો ઉપયોગ મુંબઇમાં મિલો ચલાવવા તથા ટ્રામ, દીવાબત્તી વગેરેમાં થાય છે. **સોલાપુરમાં** જુના વખતનો કિલ્લો જોવા જેવો છે. **બાર્સી** કપાસ તથા તેલીબીયાંના વેપાર માટે પ્રસિદ્ધ છે. **પંચગનીમાં** હવા સારી હોવાથી ઘણી શાળાઓ છે.

–: દેશી રાજ્યો :–

(૧) દક્ષિણ મરાઠા સ્ટેટ્સ એજન્સી

સતારામાં શિવાજીના વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. સતારા રાજ્યને તાબે આવેલા નાનાં રાજ્યો તે પરથી **સતારા જાગીર** કહેવાય છે, સતારાનું મરાઠી રાજ્ય ખાલસા થઈ ગયું છે. કોલ્હાપુરના રેસિડેન્ટ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ તરીકે આ એજન્સી પર દેખરેખ રાખે છે.

મુખ્ય જાગીરો :–

भोर, औंध, फलटण, अक्कलकोट, जत અને **डफलापुर.**

વિશેષ હકીકત:–भोर અને **औंध** સંસ્થાન પેશ્વાઇ રાજ્યની બક્ષીસની જાગીરી છે, અને તેના જાગીરદારો બ્રાહ્મણો છે. ભોરના રાજા **પંતસચિવ** ને આંધના રાજા **પંત પ્રતિનિધિથી**

ઓળખાય છે. **ફલટણ**ના રાજ્યમાં પત્થરની મૂર્તિ કોતરવાનું કામ સારૂં થાય છે. **અક્કલકોટ** સંસ્થાનની હવા સારી ગણાય છે, **ઔંધ સ્ટેટમાં નમસ્કારનું શિક્ષણ ફરજિયાત છે.**

એ સિવાય આ વિભાગમાં **મેવાસી** પરગણાં અને **સુરગણા**નો મુલક દેશી રાજ્યના તાબામાં આવેલો છે.

---

૧. મધ્ય વિભાગની ભૂમિરચના કેવા પ્રકારની છે ?
૨. મધ્ય વિભાગનાં મોટા શહેરો ગણાવો.
૩. મધ્ય વિભાગની નદી ગણાવો. નકશો બનાવો.

પાઠ ૩૬


દક્ષિણ વિભાગ

[મરાઠી અને કાનડી ભાષા બોલનારાઓનો મૂલક]

સીમાઃ—**ઉત્તરે**—**થાણા** જિલ્લો, **થાણાની** ખાડી, કોલ્હાપુર તથા જતનાં દેશી રાજ્યો; **પૂર્વે**—નિજામનું રાજ્ય તથા **મદ્રાસ** ઈલાકો; **દક્ષિણે**—**મ્હૈસુરનું** રાજ્યઃ અને **પશ્ચિમે**—અરબી સમુદ્ર.

ભૂમિરચનાઃ—કોકણપટીની જમીનમાં ડાંગર પુષ્કળ પાકે છે. બિજાપુર જિલ્લામાં નદીઓ ઘણી હોવાથી જમીન ફળદ્રુપ છે. ધારવાડ જિલ્લાની જમીન ખનિજોથી ભરેલી છે, પણ ખેતી માટે લાયક નથી. કાનડા જિલ્લામાં લવંગ, મરી, કાજુ, વગેરે પુષ્કળ થાય છે.

દક્ષિણ વિભાગ




પર્વત:–સહ્યાદ્રિ. તેમાં માથેરાન ઉંચું શિખર છે.
નદીઓ:–મલપ્રભા, ઘટપ્રભા, કૃષ્ણા, વર્ધા ને તુંગભદ્રા.

ધોધ:–ઘટપ્રભા ને ગેરસપાનો (જોગનો).

હવાખાવાનું સ્થળ:–માથેરાન.

આબોહવા:–કોલાબા અને રત્નાગિરિ જિલ્લાની હવા ભેજવાળી છે. એ જિલ્લા કોંકણપટીમાં આવેલા છે. ને તે સહ્યાદ્રિથી જુદા પડી સમુદ્ર કિનારે આવેલા છે. એ જિલ્લામાં વરસાદ સારો પડે છે. આ વિભાગના બીજા જિલ્લા સમુદ્રની સપાટીથી ઘણા ઉંચા હોવાથી હવા સારી છે. કાનડા જિલ્લામાં ૩૦૦ ઇંચ ઉપર વરસાદ પડે છે.

બંદર:–રત્નાગિરિ, માલવણ, ગોવા ને કારવાર.



બિજાપુરનો ગોળગુંબજ

જિલ્લા, રાજધાની ને બીજાં શહેરો:-

(૧) બિજાપુર–विजापुर ને તાલીકોટ.

(૨) બેલગામ–बेलगाम, ગોકાક ને અથણી.

(૩) ધારવાડ–धारवाड ને હુબલી.

(૪) કાનડા—કારવાર, હોનાવર ને ગોકર્ણ.

(૫) રત્નાગિરિ—રત્નાગિરિ, માલવણ ને વેંગુર્લા.

(૬) કોલાબા—અલીબાગ, ઉરણ, મહાડ, માથેરાન ને ચેઉલ.

થાણા, રત્નાગિરિ ને કોલાબા જિલ્લા કોંકણથી ઓળખાય છે. ત્યાં વરસાદ બહુ પડે છે. કોંકણ કિનારે માછલાં પકડવાનો ધંધો ચાલે છે.



વિશેષ હકીકત:—બિજાપુર જુના વખતના બ્રાહ્મણી વંશના સુલતાનોની રાજધાનીનું શહેર હતું. ત્યાંનો 'ગોળગુંબજ' દુનિયામાં મોટામાં મોટો છે. ત્યાં 'માલકે મેદાન' નામની મોટી તોપ જોવા જેવી છે. બિજાપુર જિલ્લામાંથી સ્લેટના પત્થર નીકળે છે. બેલગામ લશ્કરી છાવણી માટે પ્રસિદ્ધ છે. અથણી-માંથી ધાબળા પરદેશ ચઢે છે. ધારવાડ જિલ્લામાંથી સોનું, રૂપું, તાંબુ નીકળે છે. હુબળી વેપારી સ્થળ છે. કાનડા જિલ્લામાં ગોકર્ણ હિન્દુઓનું જાત્રાનું સ્થળ છે. રત્નાગિરિ બંદર છે. વેંગુર્લામાં કાજુ પુષ્કળ થાય છે. દાપોલી, ખેડ, સંગમેશ્વર અને

રાજાપુરમાં ઊના પાણીના ઝરા છે. મહાડ પાસે બૌદ્ધ ગુફા જોવા જેવી છે. ચેઉલમાં ચેવલી પાન થાય છે. કારવાર મોટું બંદર છે.

---

૧. દક્ષિણ વિભાગના જિલ્લા નકશામાં બતાવો.
૨. તમે ધોધ જોયો છે? આ વિભાગમાં કયા કયા ધોધ આવ્યા? ધોધ એટલે? એનો ઉપયોગ કહો.
૩. બિજાપુરનો ઘુમટ શા માટે પ્રસિદ્ધ છે?
૪. કોંકણમાં કયા કયા જિલ્લા આવ્યા?

પાઠ ૩૭

દક્ષિણ મરાઠા સ્ટેટ્સ એજન્સી

= કોલ્હાપુરનું દેશી રાજ્ય =

આ વિભાગમાં કોલ્હાપુર મોટું દેશી રાજ્ય છે. રાજ્યના વિસ્તારના પ્રમાણમાં વસ્તી ઘણી છે. આ રાજ્યમાં ગાઢાં જંગલો આવેલાં છે. તેમાં સાગ થાય છે. શિવાજી મહારાજના વંશનું આ એક નાનું રાજ્ય રહેલું છે. ઊનનું જાડું વણાટ કામ તથા માટીનાં વાસણો સારાં થાય છે. એની રાજ્યધાની **कोल्हापुर** મોટું શહેર છે. મહાલક્ષ્મીનું પ્રાચીન મંદિર જોવા જેવું છે. ત્યાં વાઇસરોય સાહેબ તરફથી એક રેસિડેન્ટ રહે છે.

દક્ષિણ મરાઠા જાગીર

सांगली, मीरज, जमखंडी, कुरुंदवाड, मुधोळ અને **रामदुर्ग.** મુધોળ સિવાયની બધી જાગીરો બ્રાહ્મણોની છે. મીરજમાં સારંગી અને તંબુરા સારા થાય છે. અહીંની હોસ્પિટલ પ્રસિદ્ધ છે. એ સિવાય **जत, डफळापुर, साबनुर** અને

सावंतवाडीનાં બીજાં નાનાં સંસ્થાનો છે. કોલ્હાપુરના રેસિડેન્ટ આ જાગીરોના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ છે.

વિશેષ હકીકત:—સાવંતવાડીમાં સોપારી, કેરી, કાજુ ને નાળિયેર તથા કોકમનાં પુષ્કળ ઝાડો ઊગે છે. ઈ. સ. ૧૯૦૭માં ફોંડ સાવંતે એ શહેર વસાવેલું તે પરથી સાવંતવાડી કહેવાય છે. નાનાં રાજ્યોના પોલિટિકલ એજન્ટ જુદા છે.

જંજીરા સંસ્થાન

સીધીઓનું મુસલમાની રાજ્ય છે. કાઠિયાવાડનું જાફરાબાદ આ રાજ્યને તાબે છે. અહીં સીધી લોકોની વસ્તી વધુ છે. તેની રાજધાની મુરૂદ છે.

—: મુંબઇ ઇલાકાનાં બહારનાં સ્થળો :—

एडन, पीरम અને सोकोट्रा. પહેલાં આ સ્થળો મુંબઈ ઈલાકાના તાબામાં હતાં. હવે હિન્દી સરકારને તાબે છે. એડન અગત્યનું બંદર છે. હવેથી તે પાર્લામેંટના તાબા હેઠળ છે.

૩ ફીરંગીનાં સ્વતંત્ર સંસ્થાનો.

આ સંસ્થાનનો રંગ લીલો છે. આ ઇલાકામાં તે ત્રણ ટુકડે આવેલાં છે. તેઓનું રાજ્ય અંગ્રેજ સરકારથી સ્વતંત્ર છે. **दीव, दमण** અને **गोवा** મુખ્ય ભાગો છે. એની રાજધાની ગોવા છે. ત્યાં ફીરંગી ગવર્નર જનરલ રહે છે. દમણનો કિલ્લો જોવા જેવો છે. **માર્મ** ગોવા મોટું બંદર છે.

---

૧. એડન ક્યાં આવ્યું? એને છુટું શા માટે પાડયું?
૨. ફિરંગીનાં સંસ્થાન કયા કયા? ફીરંગીનો દેશ કયો?
૩. જંજીરામાં કોનું રાજ્ય આવ્યું?
૪. કોલ્હાપુરનું રાજ્ય નકશામાં બતાવો.

પાઠ ૩૮

મુંબઈ ઈલાકો - યાદીરૂપ

સીમા:–ઉત્તરે–સિંધ અને રજપુતસ્તાન. **પૂર્વે**–મધ્ય હિન્દ એજન્સી, મધ્યપ્રાન્ત અને નિઝામનું રાજ્ય. **દક્ષિણે**–મ્હૈસુર પ્રાન્ત અને મદ્રાસ ઇલાકો. **પશ્ચિમે**–અરબી સમુદ્ર.

કુદરતી વિભાગો–કચ્છ, ગૂજરાત, મહારાષ્ટ્ર, કાનડા.

રાજકીય વિભાગો–મુંબઈપરાં વિભાગ, ઉત્તર વિભાગ, મધ્ય વિભાગ અને દક્ષિણ વિભાગ.

દેશી રાજ્ય–વડોદરા (મોટું). કાઠિઆવાડના દેશી રાજ્યો, કચ્છ. સાબરકાંઠાના દેશી રાજ્યો, રેવાકાંઠાનાં રાજ્યો, કોલ્હાપુર, દક્ષિણ મરાઠા જાગીર.

પર્વતો:–અરવલ્લી, ગિરનાર, સહ્યાદ્રિ, વિંધ્યાચળ, સાતપુડા.

મુખ્ય નદીઓ–સાબરમતી, મહી, નર્મદા, તાપી, દમણગંગા, ગોદાવરી, ભીમા, કૃષ્ણા, તુંગભદ્રા.

મુખ્ય બંદરો–મુંબઇ, કારવાર, માંડવી, ઓખા, ભાવનગર, બેટ, રત્નાગિરિ, માલવણ, ગોવા;

હવા ખાવાનાં સ્થળો:–માથેરાન, મહાબળેશ્વર, પંચગની, દેવલાલી, તીથલ, ડુમસ.

જાત્રાનાં ઠેકાણાં–નાશિક, ત્રંબક, પંઢરપુર, ગોકર્ણ, ડાકોર, દ્વારકાં, અંબાજી, બહુચરાજી, સિદ્ધપુર, મહાલક્ષ્મી (હિન્દુનાં);

પાલીતાણા, આબુ, ગિરનાર (જૈનોનાં); ઉદવાડા (પારસીઓનું); અને સરખેજનો રોજો (મુસલમાનોનું).

જોવા જેવાં સ્થળો:–કૃષ્ણાની નહેર, સિદ્ધપુરનો રુદ્રમાળ, ભૂજ તથા વડોદરાના રાજમહેલો, ગિરનાર તથા આબુ પરનાં દહેરાં, બિજાપુરમાં ગોળગુંબજ, તથા મલેક મેદાન તોપ, સિંહગઢ, રાયગઢ જેવા કિલ્લાઓ, અહમદનગર, અમદાવાદની મસ્જીદો, કેનેરી, એલીફન્ટા, નાશિકની પ્રાચીન ગુફાઓ, મુંબઈ, ગોઆ, કારવારનાં બંદરો વગેરે.

મોટાં શહેરો:–મુંબઈ, હૈદ્રાબાદ, અમદાવાદ, સુરત, વડોદરા, નાશિક, ધુળીઆ, પુના, અહમદનગર, સતારા, સોલાપુર, બિજાપુર, હુગલી, ધારવાડ, ભાવનગર.

---

૧. મુંબઈ ઇલાકાનો નકશો બનાવી તેમાં મોટાં શહેરો પુરો.
૨. મુંબઈ ઇલાકામાં કયા બંદરો જોવા જેવાં છે ?
૩. તમે મુંબઇમાં ફરવા નીકળો તો શું શું જોવા જશો ?
૪. પુઠું કાપી તેમાં મુંબઈ ઇલાકાના કુદરતી વિભાગ બતાવો.
૫. મુંબઈ ઇલાકાનો રંગીન નકશો કાગળ પર તૈયાર કરો.
૬. ખાલસા મુલક એટલે શું ? દેશી રાજ્ય એટલે ?
૭. નીચેનાં નામ શું છે ? કયાં છે ને શા માટે પ્રખ્યાત છે ?

ઉમરકોટ, ખારાઘોડા, પાલીતાણા, માથેરાન, ત્ર્યંબક, ડાકોર. તુવા, ગોકર્ણ, મીરજ, દેવકી ઉનાઈ, ગિર, બિજાપુર, નંદરબાર, તીથલ, ડુમસ, શુકલતીર્થ, દમણ, પારનેરા, વજ્રાબાઈ, પંઢરપુર, દ્વારકાં, વસઈ, ધમડાછા.

પાઠ ૩૯

આપણો દેશ હિન્દુસ્તાન

આપણા દેશનું નામ હિન્દુસ્તાન. જુના વખતનાં એ ભરતખંડથી ઓળખાતો. દુનિયામાં આપણા દેશ જેવો બીજો એકે દેશ નથી: કારણ આપણા દેશ ઉપર કુદરતની કૃપા છે. ધાન્ય ખૂબ પાકે છે. ફળફૂલ પુષ્કળ થાય છે. ખનિજો પણ જમીનમાંથી બહુ નીકળે છે. હિમાલય પર્વત દુનિયામાં ઊંચામાં ઊંચો આપણા દેશમાં છે. ગંગા, જમના, બ્રહ્મપુત્રા, સિંધુ જેવી મોટી મોટી નદીઓ આવેલી છે. હવા ખાવા માટે ઠેર ઠેર સિમલા, આબુ, માથેરન, મહાબળેશ્વર જેવી સુંદર ટેકરીઓ આવેલી છે. ધર્મ જોતાં હિંદુ ધર્મ (જુનામાં જુનો), જૈન, બુદ્ધ, ખ્રિસ્તી, મુસલમાન, જરથોસ્ત, વગેરે ધર્મના લોકો આપણા દેશમાં છે. આબોહવા જોતાં નિયમિત ત્રણ ઋતુ રહે છે. માન, રાવણહ્રદ, સાંભર, જેવાં સુંદર સરોવરો આવેલાં છે. વળી દરેક જાતનાં પ્રાણી આપણા દેશમાં જોવામાં આવે છે. કળા—કારીગીરી માટે આપણો દેશ હજારો વર્ષથી પ્રખ્યાતિ પામેલો છે. તેમાં આગ્રાનો તાજ-મહાલ, બિજાપુરનો ગોળગુંબજ, દિલ્હીનો કુતુબમિનાર, કેનેરી, અજન્ટા, કાર્લા વગેરે ગુફાઓ તથા દક્ષિણમાં દેવમંદિરો આખી દુનિયાના લોકો જોવા આવે છે. ગેરસપા, તથા સુરપાણ જેવા ધોધો પણ જોવાથી આનંદ થયા વિના રહેતો નથી. વળી ત્રણ બાજુએ દરીઓ આવેલો હોવાથી પુષ્કળ બંદરો છે. તેમાં મુંબઇ, કરાંચી, મદ્રાસ, કલકત્તા, રંગુન, વગેરે મુખ્ય છે. જુના વખતથી વેપાર માટે આપણા દેશના લોકો સાહસ ખેડી રહ્યા છે અને

પૃથ્વીના દરેક ભાગમાં જઈ રહ્યા છે. હિન્દની રાજવ્યવસ્થા માટે ૧૫ ભાગ પાડેલા છે. તે દરેક ભાગ પર ગવર્નર કે કમિશ્નર નીમેલા હોય છે. આખા હિન્દના ઉપરી અધિકારી વાઈસરૉય છે. તે દિલ્હી તથા સીમલામાં રહે છે. દિલ્હી શહેર હિન્દની બહુ જુના વખતથી રાજધાની છે. કાશ્મીરથી કન્યાકુમારી અને બલુચિસ્તાનથી બ્રહ્મદેશ સુધી આપણો દેશ ગણાય. અગાઉ આપણો દેશ બહુ




ચઢતી કળા ભોગવતો હતો, કારણ બહુ જ હુન્નર ઉદ્યોગો હતા, ને ઘણો માલ પરદેશ ચઢતો. ત્યારના લોકો બહુ ઉદ્યોગી હતા. આજે આપણે ત્યાં પરદેશથી બહુ માલ આવે છે. આપણા દેશની વિસ્તારપૂર્વક ભૂગોળ તમે ચોથા ધોરણમાં શીખશો.

---

૧. આપણો દેશ કયો ? આપણા દેશના જુદાં જુદાં નામ કહો.
૨. આપણા દેશમાં જોવા જેવાં સ્થળો ગણાવો.
૩. આપણા દેશના ઉદ્યોગો ગણાવો. પાટીમાં હિન્દનો નકશો દોરો.

સમાપ્ત.



ખાનવિલકર લિથો પ્રેસ મુંબઈ નં. ૨

મુંબઈ શહેરની ભૂગોળ કિંમત ૫ આના

—: છ. ના. શાસ્ત્રીકૃત પુસ્તકો :

મુંબઇ શહેરની ભૂગોળ.
સચિત્ર ધોરણ ત્રીજા માટે
કિંમત ૦–૫–૦
ટેક્સ્ટ બુક માટે મંજુર કરેલી
મુંબઇની તમામ શાળામાં ચાલે છે.

મુંબઇ ઇલાકાની ભૂગોળ.
સચિત્ર ધોરણ ૪થા માટે
કિંમત ૦–૫–૩
મંજુર કરેલી ચાલુ કરવા
ભલામણ કરીએ છીએ.

બાળ વચનામૃત–શાળાની
લાયબ્રેરી માટે મંજુર
કરી છે. કિ. ૦–૨–૩ શાળામાં
દરરોજ પ્રાર્થના માટે અતિ
ઉપયોગી છે.

નવીન બાળ અંકગણિત.
કિંમત રૂ. ૦–૩–૦
ધોરણ બીજા માટે દાખલાનો
આવો સંગ્રહ એકે ગણિતમાં
નથી. ઘરે શીખવા માટે ઉત્તમ

કોષ્ટકોનો સંગ્રહ.
કિ. રૂ. ૦–૧–૦
ધોરણ ત્રીજા તથા ચોથા માટે
ઘણા મંગાવે છે. જરૂર મંગાવો.

નકશાકૃતિ રૂ. ૦–૨–૦ ધોરણ
૩જા તથા ૪થા માટે ઘણી
ઉપયોગી છે અનુભવી જુઓ.

સાથીયા યાને રંગોળી.

રમાલક્ષ્મી છ. શાસ્ત્રી કૃત.

મંજુર થઇ છે.

નાની બાળાઓ માટે ખાસ જરૂરી છે. ઘણા અભિપ્રાયો મળ્યા છે. નાની શીખાઉ બાળાને સમજ સાથે સાથીયા પુરતાં શીખવા આવી એકે પુસ્તિકા બહાર પડી નથી. ઘણી નકલો ખપી ગઇ છે. કિંમત રૂ. ૦–૩–૦ જરૂર મંગાવો.

દરેક પુસ્તકો ઉપર સારૂં કમીશન આપીશું.
ઠે. એન. ડી. મહેતાની કંપની. કાલબાદેવી–મુંબઇ.

મુંબઈ ઇલાકાની ભૂગોળ

[હિન્દના સામાન્ય વર્ણન સાથે]

ધોરણ ૪ થા માટે બહાર પડી છે

ટેક્સ્ટ બુક માટે મંજુર.

કેટલાક ટુંકા અભિપ્રાયો :—

મુંબાઈ ઇલાકાની ભૂગોળ:—(૧) તેમાં હિન્દની સામાન્ય માહિતી ઉપરાંત મુંબાઈ ઇલાકાના બધા જિલ્લા અને શહેરોની જાણવાજોગ હકીકત વગેરે પુષ્કળ માહિતી આપવામાં આવી છે. મુંબાઈ અને મુંબાઈ ઇલાકાની ગુજરાતી શાળાઓમાં ચલાવી શકાય તેવું છે. **મુંબાઈ સમાચાર** તા. ૨૧-૫-૩૮.

(૨) બાળકોને સહેલાઈથી સમજણ આપી શકાય એ ઉદ્દેશથી ઉપરનું પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. મુંબાઈ અને મુંબાઈ ઇલાકા વિષે અતિશય સાદી અને સરળ ભાષામાં ૪૦ વિષયોમાં સમજણ આપવામાં આવી છે. જુદાં જુદાં સ્થળોના ચિત્રો પણ આપવામાં આવ્યા છે. **જન્મભૂમિ** તા. ૩-૫-૩૮.

(૩) આ પુસ્તક મને ઘણું પસંદ પડયું છે. આ પુસ્તકમાં દરેક જિલ્લાની ખાસ આયાત નિકાશના ચિત્રો આપીને બહુજ આકર્ષક બનાવ્યું છે. પ્રાથમિક ધોરણ ૪થામાં અભ્યાસ કરતા બાળકોને માર્ગદર્શક થઈ પડશે એમ હું માનું છું.

S. U SHUKLA

M. A. (CANTAB) T. D. (LOND)

BAR-AT-LAW પ્રિન્સીપાલ ફેલોશિપ સ્કુલ.

(૪) મુંબાઈ ઇલાકાની ભૂગોળના ૪૦ પાઠો કર્યા છે. એ સૌ સંબંધી રસિક અને જાણવાયોગ્ય અનેક માહિતીઓ આ પુસ્તકમાંથી વિદ્યાર્થીને સાંપડે એમ છે. ઇલાકાના વેપાર, ઉદ્યોગ, ધંધા, રાજ્યવ્યવસ્થા, હવામાન, વ્યવહારના સાધનો વગેરે સંબંધી વિશાળ માહિતીઓ આપી છે. દરેક શાળાઓમાં આ પુસ્તકને અભ્યાસક્રમમાં દાખલ કરવા યોગ્ય છે.

અં. બુ. જાની B. A.